RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 10-09-2026 I VOL : 12 I Issue : 175 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**


આજે કરેલું કાર્ય કાલનું ગૌરવ છે. સમય અને શબ્દ બંને અમૂલ્ય છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
ગાંધીનગરમાં કોંગ્રેસના 'જન આક્રોશ ધરણાં': 2027માં પરિવર્તન નક્કી! અમીત...


4 
ફ્રાન્સના એફિલ ટાવર પર BAPS સ્વામિનારાયણ સંસ્થાના સાધુઓની...

6 
બિગ બોસ 20માં એન્ટ્રી પહેલાં ઈશા રિખીએ પોસ્ટ શેર કરી

7 
પિકલબૉલ વર્લ્ડ કપ 2026માં ભારતે રચ્યો ઇતિહાસ

## એક નજર...

### નેહા શર્માએ બોલ્ડ લુકથી વધાર્યું સોશિયલ મીડિયાનું તાપમાન



બોલિવૂડ એક્ટ્રેસ નેહા શર્મા પોતાની કિલર સ્ટાઈલને કારણે અવારનવાર લાઈમલાઈટમાં રહે છે. તાજેતરમાં અભિનેત્રીએ કેટલીક તસવીરો શેર કરી છે. આ દરમિયાન નેહાની લેટેસ્ટ તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી છે. આ તસવીરોમાં નેહા ખૂબ જ હોટ લાગી રહી છે. અભિનેત્રીએ તાજેતરમાં તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરી હતી.

## NEWS TRACK

### એશિયા ગેમ્સ પહેલાં જાપાનમાં કુદરતી આફત, નાગોયાના રસ્તા જળબંબાકાર, 400 ખેલાડી ફસાઈ ગયા

જાપાનના નાગોયા શહેરમાં એશિયન ગેમ્સ 2026 શરૂ થવામાં માત્ર 10 દિવસ બાકી છે ત્યારે રેકોર્ડબ્રેક વરસાદે ભારે તબાહી મચાવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા દૃશ્યોમાં રસ્તા પાણીમાં ડૂબેલા અને વાહનો પાણીમાં ફસાયેલા નજરે પડી રહ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ, મૂશળધાર વરસાદના કારણે શહેરમાં 'લેવલ-5'નું પૂરનું એલર્ટ જારી કરવું પડ્યું છે. આ આફતના કારણે એશિયન ગેમ્સમાં ભાગ લેવા પહોંચેલા ફિલિપાઈન્સ સહિત અનેક દેશોના આશરે 400 જેટલા એથ્લીટ અને સપોર્ટ સ્ટાફને સાવચેતીના ભાગરૂપે સુરક્ષિત અને ઊંચા સ્થળો પર ખસેડવામાં આવ્યા છે. આ તમામ ખેલાડીઓ શિપિંગ કન્ટેનરમાંથી બનાવેલા અસ્થાયી આવાસમાં રોકાયેલા હતા. શહેરમાં આટલી મોટી આપત્તિ છતાં નાગોયાના મેયર ઈચિરો હીરોસાવાએ લોકો અને ખેલાડીઓનું મનોબળ જાળવી રાખ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તમામ એથ્લીટો સંપૂર્ણપણે સુરક્ષિત છે.

### 'સાઉદી પર હુમલો એ પાકિસ્તાન પર જ હુમલો ગણાશે...' ખ્વાઝા આસિફની હુથીઓને ચેતવણી

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે સાઉદી અરેબિયા પર થઈ રહેલા હુમલાઓ અંગે એક અત્યંત મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે દરેક હુમલાનો જવાબ એ જ આક્રમક શૈલીમાં આપવો જરૂરી નથી. તેમના જણાવ્યા અનુસાર, મક્કા કરાર પોતે જ એક મોટો પ્રતિબંધક(ડિટરન્ટ) સાબિત થઈ શકે છે. જો સાઉદી અરેબિયા પર વગર કારણે હુમલો કરવામાં આવશે અથવા યમનનો તણાવ ત્યાં સુધી લંબાશે, તો આ કરાર આપોઆપ અમલમાં આવી જશે અને પાકિસ્તાન પોતાની સંરક્ષણ ક્ષેત્રની જવાબદારી ચોક્કસપણે નિભાવશે. ખ્વાજા આસિફે જણાવ્યું હતું કે પાકિસ્તાન આ કરારથી સંપૂર્ણપણે બંધાયેલું છે. તેમણે ઉમેર્યું કે 'ઈંટનો જવાબ પથ્થરથી આપવો' હંમેશાં જરૂરી નથી હોતો. એટલે કે દરેક આક્રમક પગલાના જવાબમાં એ જ પ્રકારે આકરી જવાબી કાર્યવાહી કરવી અનિવાર્ય નથી. તેમણે આ બાબતને એક સુઆયોજિત રણનીતિ ગણાવી હતી. જેનો મુખ્ય હેતુ વિસ્તારમાં બિનજરૂરી તણાવ વધારવાથી બચવાનો છે.

### સરકારે ચાલુ વર્ષે 4 વખત ભાવ વધાર્યા

# બ્રેન્ટ ક્રૂડે 100 ડોલર વટાવતા પેટ્રોલ, ડીઝલ અને LPG ગેસના ભાવમાં તોળાતો વધારો

**નવી દિલ્હી**

અમેરિકા-ઈરાન વચ્ચેની વધેલી તંગદિલીના પગલે વિશ્વમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને સ્પર્શી જતાં ભારતમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવમાં વધારો તોળાઈ રહ્યો છે. એપ્રિલથી જુલાઈમાં ભારતનું આયાત બિલ ગયા વર્ષના સમાન સમયગાળામાં ૪૦.૫ અબજ ડોલરની તુલનાએ ૫૬ ટકા વધીને ૬૩.૪ અબજ ડોલરે પહોંચી ગયું છે. જ્યારે વોલ્યુમ ગયા વર્ષ જેટલું જ ૮.૧૫ કરોડ ટનથી થોડું જ વધીને ૮.૧૯ કરોડ ટન થયું છે.

સરકારને હાલમાં એલપીજી સિલિન્ડરમાં જ પ્રતિ સિલિન્ડર ૨૦૦ રુપિયાની અંડર રિકવરી છે. આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ વધારો ન કરાયો તો તેમા પણ અંડરરિકવરી જોવા મળી શકે તેમ છે. સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં ચાલુ વર્ષે ચાર વખત વધારો કરી ચૂકી છે. આ ચારેય વખતનો વધારો મે મહિનામાં કરવામાં આવ્યો હતો.

પેટ્રોલના ભાવ પ્રતિ લિટર ૭.૩૫ રુપિયા અને ડીઝલના ભાવ પ્રતિ લિટર રુ. ૭.૫૩ ચાર હપ્તામાં વધારવામાં આવી ચૂક્યા છે.




છેલ્લા ત્રણ મહિનાથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ વધારો કરાયો નથી. ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના ૮૮ ટકાની આયાત કરે છે તે જોતાં નજીકના ભવિષ્યમાં ભાવવધારો નહીં થાય તો જ આશ્ચર્ય થશે. ભારતમાં ક્રૂડ બાસ્કેટમાં સોમવારે ઓઈલનો સરેરાશ ભાવ પ્રતિ બેરલ ૧૦૬.૨૬ ડલર હતો. એમ પીપીએસીનું કહેવું છે. ભારતીય ક્રૂડ બાસ્કેટમાં સપ્ટેમ્બરમાં ઓઈલનો સરેરાશ ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલર રહેવાની સંભાવના છે, જે ઓગસ્ટમાં પ્રતિ બેરલ ૯૦.૧૯ ડોલર અને જુલાઈમાં પ્રતિ બેરલ ૮૨.૦૪ ડોલર હતો. ક્રૂડ ઓઈલ ૮૦ ડોલરથી ઉપર જાય તેના પછી ભારત માટે સ્થિતિ વિપરીત બની જાય છે. સાઉદી અરેબિયાના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર હુમલો થતા અને અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ વધતા સ્થિતિ વધુ વણસી છે. તેના લીધે ભારતના ફ્યુઅલ રિટેલરો આઈઓસી, બીપીસીએલ અને એચપીસીએલ પર દબાણ સર્જાયું છે. તેઓ હાલમાં ગ્રાહક પર ખર્ચ પસાર કરી શકતા નથી. દેશની અગ્રણી રેટિંગ એજન્સી ઈકરાના કોર્પોરેટ રેટિંગ્સના સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને ગ્રુપ કો-હેડ પ્રશાંત વશિષ્ટે જણાવ્યું હતું કે ઈરાન અને અને અમેરિકાની સ્થિતિ વણસતા હોર્મુઝ સિવાયની પણ ક્રૂડ ઓઈલ સપ્લાય લાઈન સામે ભય સર્જાયો છે.

### કેબિનેટનો મહત્ત્વનો નિર્ણય

## દેશના 5 રાજ્યોમાં રેલવે નેટવર્કનું વિસ્તરણ કરાશે; ₹10,783 કરોડના પ્રોજેક્ટને મંજૂરી

**નવી દિલ્હી**

કેબિનેટ બેઠકમાં રેલવેના આધુનિકીકરણ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરવામાં આવી હતી. સરકાર દેશના 7 સૌથી વ્યસ્ત રેલવે કોરિડોરને ચાર-લેન અને ચાર-ટ્રેકવાળા બનાવવાનું કામ કરી રહી છે. આ પ્રોજેક્ટ્સ પાછળ અંદાજે 10,783 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે અને આનાથી લગભગ 656 કિલોમીટર નવી રેલ લાઈનો જોડાશે અથવા અપગ્રેડ થશે. દિલ્હીથી મુંબઈ, મુંબઈથી ચેન્નઈ, ચેન્નઈથી કોલકાતા અને કોલકાતાથી દિલ્હી થઈને ફરી મુંબઈ સુધીનો રૂટ 'ગોલ્ડન ક્વાડ્રિલેટરલ' બનાવે છે. આ ઉપરાંત દિલ્હીથી ચેન્નઈ, મુંબઈથી કોલકાતા અને દિલ્હીથી ગુવાહાટીના રૂટનો પણ સમાવેશ થાય છે. આ તમામ 7 વ્યસ્ત કોરિડોરને ચાર-લેન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. દેશના કુલ 11,000 કિલોમીટરના હાઈ-ડેન્સિટી કોરિડોર પૈકી 7 કોરિડોર એવા છે.

## ભારત રત્ન વૈજ્ઞાનિક CNR રાવને ચૂંટણી પંચે ફટકારી નોટિસ

**બેંગલુરુ**

બેંગલુરુના બસવનગુડીમાં જન્મેલા અને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત 92 વર્ષીય મહાન વૈજ્ઞાનિક પ્રોફેસર સી.એન.આર. રાવને ચૂંટણી પંચ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. મતદારયાદીની સમીક્ષા(SIR) દરમિયાન તેમના નામના સ્પેલિંગમાં ભૂલ સામે આવતા, તેમને પોતાની ઓળખ સાબિત કરવા માટે સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવાનો આદેશ અપાયો છે. ભારત રત્ન મેળવનારા દેશના ત્રીજા વૈજ્ઞાનિક એવા પ્રોફેસર રાવે વિજ્ઞાન ક્ષેત્રે દેશ અને બેંગલુરુ શહેર માટે અભૂતપૂર્વ પ્રદાન આપ્યું છે. નામમાં એક અક્ષરની ભૂલના કારણે મોકલી નોટિસ પ્રોફેસર



રાવને ચૂંટણી તંત્ર દ્વારા 'સેલ્ફ-નેમ મિસમેચ'(નામમાં તફાવત)નું કારણ દર્શાવીને નોટિસ આપવામાં આવી છે. જૂની મતદારયાદીમાં તેમનું નામ 'Prof. C.N.R. Rao' લખાયેલું હતું, જ્યારે વર્તમાન મતદારયાદીમાં 'Prof.'માં ભૂલથી એક વધારાનો અક્ષર ઉમેરાઈને 'Proff. C.N.R. Rao' થઈ ગયું છે. નિયમ મુજબ જ્યારે 2002ની મતદારયાદી અને વર્તમાન મતદારયાદીમાં નામ કે વિગતો મેચ થતી ન હોય ત્યારે આ પ્રકારની નોટિસ પાઠવવામાં આવે છે. નોટિસના નિયમો અનુસાર સંબંધિત વ્યક્તિએ પોતે જ રૂબરૂ હાજર રહેવું પડતું હોવાથી, પ્રોફેસર રાવને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc) નજીક આવેલ મલ્લેશ્વરમ ખાતે સુનાવણી માટે બોલાવાયા છે. જોકે, જવાહરલાલ નેહરુ સેન્ટર ફોર એડવાન્સ્ડ સાયન્ટિફિક રિસર્ચ (JNCASR) ખાતેના તેમના સહયોગીઓ અને નિકટના લોકો જણાવે છે.

# કોસંબામાં ખાખીનો રોફ કે કાયદાનો અનાદર? PI સામેની ગંભીર ફરિયાદની તપાસ હેડ કોન્સ્ટેબલને સોંપાતા ઉઠ્યા સવાલો!


## મુખ્યમંત્રી કચેરી સુધી રજૂઆત પહોંચવા છતાં સ્થાનિક પોલીસનું રહસ્યમય મૌન: 100 વર્ષ જૂના ખાનગી રસ્તા અને CCTV ફૂટેજના પુરાવા હોવા છતાં નિષ્પક્ષ તપાસ સામે મોટો પ્રશ્નાર્થ

**કોસંબા**

દંડૂકો અને વર્દીના જોરે પ્રજા પર રોફ ઝાડતી પોલીસ સામે હવે કોસંબાનો વેપારી વર્ગ આરપારના મોરચે આવી ગયો છે. કોસંબાના પ્રખ્યાત 'લીમડાવાળા બજાર'માં કપડાંનો વ્યવસાય કરતા મોહમ્મદતાહા સબ્બીરભાઈ કાપડીયાએ કોસંબા પોલીસ સ્ટેશનના PI ઠુંમર સામે ગાળાગાળી, અત્યંત અપમાનજનક વર્તન અને દુકાનનો સામાન તોડી પાડવાની સીધી ધમકી આપ્યાના ગંભીર આક્ષેપો સાથે સમગ્ર મામલો ગાંધીનગર મુખ્યમંત્રી જનસંપર્ક કાર્યાલય સુધી પહોંચાડતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

### ગાળાગાળી અને ધમકીની સમગ્ર ઘટના CCTVમાં કેદ

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૮



ઓગસ્ટના રોજ સાંજના સમયે કોસંબા પોલીસનો કાફલો લીમડાવાળા બજારમાં ત્રાટક્યો હતો. પોલીસે વેપારીની દુકાનની બહાર મુકેલા કપડાંના સ્ટેન્ડ હટાવવાનું કહી ત્યાં કામ કરતા કર્મચારી સાથે આક્ષેપ મુજબ અત્યંત નિર્લજ્જ ભાષામાં ગાળાગાળી કરી દાદાગીરી બતાવી હતી. પોલીસને કદાચ ખ્યાલ નહોતો કે તેમની આ તમામ ગેરવ્યાજબી હરકતો અને દાદાગીરી દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ચૂકી છે. વેપારીએ આ CCTV ફૂટેજના પુરાવા પણ ઉચ્ચ અધિકારીઓને સુપ્રત કરી દીધા છે.

### મેન રોડ નહીં, 100 વર્ષ જૂનો ખાનગી માલિકીનો રસ્તો હોવાનો મોટો દાવો

વેપારી મોહમ્મદતાહા કાપડીયાએ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ કાયદેસરનો સરકારી આદેશ કે સક્ષમ અધિકારીનો નિયમ હોય તો તેનું પાલન કરવા તેઓ સંપૂર્ણ તૈયાર છે, પરંતુ પોલીસની ગેરકાયદેસર દાદાગીરી ચલાવી લેવાશે નહીં. વેપારીએ સ્થળની સ્થિતિ અંગે સણસણતો દાવો કરતા જણાવ્યું છે કે દુકાન સામેનો આશરે ૧૦ ફૂટનો રસ્તો કોઈ જાહેર મેન રોડ નથી. આ જગ્યા ૧૦૦ વર્ષથી પણ વધુ જૂની ખાનગી ટ્રસ્ટની માલિકીનો રાહદારી રસ્તો છે, જે 'લીમડાવાળો બજાર' તરીકે ઓળખાય છે. ખાનગી માલિકીની જગ્યામાં પોલીસ કયા અધિકારથી દાદાગીરી કરી રહી છે તે પણ એક મોટો પ્રશ્ન છે.

### તપાસનો મોટો તમાશો: PI સામેની ફરિયાદની તપાસ હેડ કોન્સ્ટેબલ પાસે!

આ સમગ્ર મામલે સૌથી ચોંકાવનારી અને હાસ્યાસ્પદ બાબત એ સામે આવી છે કે, જે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ PI ઠુંમર સામે ગંભીર આક્ષેપો થયા છે, તે જ ફરિયાદની તપાસ એક નિચલા દરજ્જાના હેડ કોન્સ્ટેબલને સોંપી દેવામાં આવી છે! કાયદાના નિષ્ણાતો પણ આ જોઈને ચકિત છે કે પોતાનાથી ઉપરના અધિકારી (PI) સામે કયો હેડ કોન્સ્ટેબલ નિષ્પક્ષ તપાસ કરવાની હિંમત કરી શકે? કયા અધિકારીના આદેશથી આ તપાસ હેડ કોન્સ્ટેબલને સોંપાઈ? શું આ માત્ર કાગળ પર તપાસનો દોળ કરીને PIને બચાવી લેવાનું કારસૂસ છે? આવા અનેક સવાલો સાથે તપાસની નીતિમત્તા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે.

### શું ગાંધીનગરથી પગલાં લેવાશે કે ખાખી એકબીજાનો બચાવ કરશે?

વેપારીનો વિરોધ કાયદેસરની પોલીસ કાર્યવાહી સામે નથી, પરંતુ કાયદાનું રક્ષણ કરવા બેઠેલા અધિકારીઓ દ્વારા આચરવામાં આવતી અસંસ્કૃત ભાષા, ગાળાગાળી અને ધમકીઓ સામે છે. મુખ્યમંત્રી કચેરી સુધી આધારભૂત પુરાવાઓ સાથે રજૂઆત થઈ ચૂકી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે ગૃહ વિભાગ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ મામલે કોઈ તટસ્થ IPS અધિકારી પાસે તપાસ કરાવશે કે પછી સ્થાનિક સ્તરે જ કાગળો દબાવી દેવામાં આવશે? 'પાક્કો ગુજરાત' આ સમગ્ર મામલા પર સતત નજર રાખશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# 10,000 કરોડનું કાળું નાણું અને ભાજપનું 'સુરક્ષા કવચ' : RUPP કૌભાંડનો ધડાકો!!!

### આવકવેરામાં 200% દંડ અને 7 વર્ષની જેલની જોગવાઈ હોવા છતાં મોદી સરકાર મૌન! કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ યોજી ભાજપ અને તેમની 'સી ટીમ' પર પ્રહારો કર્યા

અમદાવાદ

ગુજરાત સહિત સમગ્ર દેશના રાજકારણમાં એક મોટો ભડાકો થયો છે. રાષ્ટ્રીય પ્રવક્તા AICC અને પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલે આજે એક સનસનાટીભરી પ્રેસનોટ જાહેર કરીને શાસક પક્ષ ભાજપ પર દેશની કરવ્યવસ્થાને ધ્વસ્ત કરવાનો અને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું કાળું નાણું ધોળું કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ગોહિલે ચોંકાવનારો દાવો કર્યો છે કે ભાજપના વફાદારો અને તેમની 'સી ટીમ' ગણાતા સાથી પક્ષોએ મળીને દેશમાં ૩,૨૯૦ જેટલા નોંધાયેલા પરંતુ બિન-માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો (RUPP - Registered Unrecognized Political Parties) ઊભા કર્યા છે.



કરમુક્તિનો દુરુપયોગ: આવકવેરા કાયદાની કલમ 80GGB (કંપનીઓ માટે) અને 80GGC (વ્યક્તિઓ માટે) હેઠળ રાજકીય પક્ષોને અપાતા દાન પર ૧૦૦% કરમુક્તિ મળે છે.

દેશના અબજોપતિઓએ આ નકલી પક્ષોને કરોડો રૂપિયાનું દાન દર્શાવ્યું. આ નકલી પક્ષો ૨% થી ૧૫% સુધીનું કમિશન રાખી બાકીના રોકડ નાણાં પેલા દાનવીરોને પરત કરી દેતા હતા. રૂ. ૫ કરોડથી વધુ આવક ધરાવતા શાસક પક્ષના નજીકના અબજોપતિઓ પર ૩૦% બેઝિક ટેક્સ, ૩૭% સરચાર્જ અને ૪% સેસ મળીને કુલ ૪૨.૭% કર લાગુ પડે છે. રૂ. ૧૦ કરોડની આવક પર રૂ. ૪.૨૭ કરોડનો ટેક્સ ભરવો પડે. આ ટેક્સ બચાવવા માટે નકલી પક્ષોનો સહારો લેવાયો. ચૂંટણી પંચે ૨૦૧૪માં જાહેર કરેલી પારદર્શિતાની માર્ગદર્શિકા મુજબ તમામ દાન અને ખર્ચની વિગતો વેબસાઈટ પર મૂકવી ફરજિયાત હતી. ઝારખંડ આવકવેરા વિભાગે પત્રો લખ્યા અને કેટલાક નિષ્ઠાવાન અધિકારીઓએ કૌભાંડી C.A. સામે પગલાં લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભાજપ સરકારે આ તપાસ અટકાવી દીધી હોવાનો સીધો આક્ષેપ કરાયો છે.

કોંગ્રેસ પક્ષની ૭ પ્રમુખ માંગણીઓ

૧. JPC તપાસ: નકલી રાજકીય પક્ષોના આ સમગ્ર બોગસ દાન રેકેટની સંયુક્ત સંસદીય સમિતિ (JPC) દ્વારા તપાસ થાય.

૨. ૨૦૦% દંડ: બોગસ દાતાઓ પાસેથી કલમ ૨૭૦એ(૯) હેઠળ ૨૦૦% દંડ વસૂલવામાં આવે.

૩. ફોજદારી કાર્યવાહી: કલમ ૨૭૬સી(૧) અને ૨૭૭ મુજબ ગુનેગારો સામે ૭ વર્ષની જેલની સજાની કાર્યવાહી થાય.

૪. C.A. સામે પગલાં: કૌભાંડમાં સામેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ પર કેસ દાખલ કરાય.

૫. સૂત્રધારોની ધરપકડ: નકલી પક્ષો ચલાવનારાઓ સામે ગુનાહિત કેસો નોંધાય.

૬. નામો જાહેર કરો: આ નકલી પક્ષોને કરોડોનું દાન આપનાર કંપનીઓ અને અબજોપતિઓની યાદી જાહેર થાય.

૭. ભાજપ ખુલાસો કરે: આ નકલી પક્ષોના કેટલા આકાઓ આજે ભાજપમાં જોડાયા છે અને હોદ્દા ભોગવે છે તેનો પર્દાફાશ થાય. શક્તિસિંહ ગોહિલના આ પ્રહારથી શાસક છાવણીમાં ખળભળાટ મચી ગયો છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ ગંભીર આક્ષેપો પર શું સફાઈ આપે છે!

## અમદાવાદમાં રાજસ્થાનથી MD ડ્રગ્સ લઈને આવેલો શખ્સ ઝડપાયો

અમદાવાદ

કૃષ્ણનગરના પાર્શ્વનાથ ટાઉનશિપમાં A.N.T.F. અમદાવાદ ઝોન અને A.N.T.F. ગાંધીનગર ઝોનની સર્વેલન્સ સ્ક્વોડે સંયુક્ત દરોડો પાડી રાજસ્થાનથી લાવવામાં આવેલો મેફેડ્રોન (MD)નો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે 99.69 ગ્રામ MD, ત્રણ મોબાઈલ સહિત કુલ રૂ.3,44,220નો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાનના 25 વર્ષીય મહેન્દ્ર જગમાલરામ મુંજા બિશ્નોઈને સ્થળ પરથી ઝડપી લીધો હતો.

A.N.T.F. અમદાવાદ ઝોનને મળેલી ખાનગી બાતમીના આધારે પાર્શ્વનાથ ટાઉનશિપ વિભાગ-7, કૃષ્ણનગર ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપીના કબજામાંથી રૂ.2,99,070ની કિંમતનું 99.69 ગ્રામ MD મળી આવ્યું હતું. સાથે ત્રણ મોબાઈલ ફોન, રેલવે ટિકિટ, ATM કાર્ડ, બેગ, કપડાં અને રોકડ રૂ.150 મળી કુલ રૂ.3,44,220નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પકડાયેલો મહેન્દ્ર બિશ્નોઈ મૂળ જોધપુર, રાજસ્થાનનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. જ્યારે આ કેસમાં શાનુ ઉર્ફે સનાયા બિશ્નોઈ નામનો અન્ય આરોપી હજુ પોલીસ પકડથી બહાર છે. બંને સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર કેસની વધુ તપાસ A.N.T.F. ગાંધીનગર ઝોનને સોંપવામાં આવી છે. ટેકનિકલ સર્વેલન્સના આધારે ડ્રગ્સનો જથ્થો ક્યાંથી આવ્યો, કોને પહોંચાડવાનો હતો અને આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

## બે વર્ષ જૂના અકસ્માત મોતનો DNAથી ભેદ ઉકેલાયો

સુરત

અઠવાલાઈન્સ પોલીસ મથકમાં વર્ષ 2024માં નોંધાયેલા 13 વર્ષ 6 માસની સગીરાના અકસ્માત મોતના કેસનો બે વર્ષ બાદ ચોંકાવનારો ભેદ ઉકેલાયો છે. 8 જૂન 2024ના રોજ અચાનક તબિયત લથડતાં સગીરાને ઉલ્ટી અને મોઢામાંથી ફીણ નીકળ્યું હતું. 108 મારફતે હોસ્પિટલ પહોંચાડતાં તબીબે તેને મૃત જાહેર કરી હતી અને અકસ્માત મોતની નોંધ થઈ હતી. પોસ્ટમોર્ટમ બાદ નમૂનાઓ FSLમાં મોકલવામાં આવ્યા હતા. ફોરેન્સિક તપાસમાં શરીર પર ઈજાના નિશાન ઉપરાંત ગુપ્ત ભાગમાં બળજબરીપૂર્વક શારીરિક પ્રવેશના પુરાવા સામે આવતાં કેસની દિશા જ બદલાઈ ગઈ હતી. અઠવાલાઈન્સ પોલીસે બે વર્ષ જૂની તપાસની કડીઓ ફરી જોડતાં સગીરાના પરિવારજનો અગાઉ જ્યાં રહેતા હતા તે સ્થળો, તેના અભ્યાસના સ્થળો અને જ્યાં તે નોકરી કરતી હતી તેવી દુકાનો સુધી તપાસ લંબાવી હતી. સાક્ષીઓના નિવેદનોમાં સગીરાને તેનો સાવકો પિતા અવારનવાર મારઝૂડ કરતો હોવાની વિગતો સામે આવતાં પોલીસની શંકા તેના પર વધુ ઘેરી બની હતી. 23 ઓગસ્ટ 2026ના રોજ અકસ્માત મોતનો મામલો બળાત્કાર, બાળ જાતીય અત્યાચાર અને પોક્સોના ગંભીર ગુનામાં ફેરવાયો હતો.

આખરે DNA રિપોર્ટ બન્યો નિર્ણાયક પુરાવો. પોલીસે સાવકા પિતા બાલકુમાર ઉર્ફે કુમારરાઈ બુદ્ધિમાન રાઈ (45)નું DNA સેમ્પલ FSL સુરત મોકલ્યું હતું. 8 સપ્ટેમ્બર 2026ના રોજ મળેલા રિપોર્ટમાં સગીરાના ગુપ્ત ભાગમાંથી મળેલા માનવ વીર્યના અવશેષોના DNA અને આરોપીના DNA વચ્ચે સંપૂર્ણ મેચ હોવાનું સામે આવ્યું હતું. રિપોર્ટ હાથ લાગતાં જ અઠવાલાઈન્સ પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### મંજૂરી વિના શાળા બંધ કરી તો 20 લાખનો દંડ

## ગુજરાતમાં ખાનગી સ્કૂલોની મનમાની પર સરકારની સર્જિકલ સ્ટ્રાઈક

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાતમાં શિક્ષણના નામે ચાલતી વેપારલીલા અને શાળા સંચાલકોની મનમાની સામે રાજ્ય સરકારે અત્યાર સુધીનું સૌથી આકરું વલણ અપનાવ્યું છે. 'ગુજરાત એજ્યુકેશન એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૬' (Gujarat Education Amendment Bill 2026) હેઠળ હવે શાળા સંચાલકો પોતાની મરજી મુજબ નિર્ણયો લઈ શકશે નહીં. વગર મંજૂરીએ રાતોરાત સ્કૂલો બંધ કરી દેતા કે રજિસ્ટ્રેશન વિના ગેરકાયદેસર રીતે વર્ગો ચલાવતા સંચાલકો સામે રૂ. ૨૦ લાખ સુધીના ભારે દંડ અને જેલવાસ સહિતની કડક કાનૂની કાર્યવાહી કરવાની સ્પષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે.

ઘણા કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે શાળા ટ્રસ્ટીઓ કે સંચાલકો પોતાના અંગત ફાયદા કે ખોટનું બહાનું બતાવીને શિક્ષણ વિભાગની કોઈ



જ પૂર્વ પરવાનગી લીધા વિના અચાનક શાળાને તાળાં મારી દેતા હોય છે. જેના કારણે હજારો વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગાડવાનો વારો આવે છે અને વાલીઓ રઝળી પડે છે. હવે નવા નિયમો મુજબ, શિક્ષણ વિભાગની યોગ્ય મંજૂરી વગર જો કોઈ સંચાલક મનસ્વી રીતે શાળા બંધ કરશે, તો તેમને રૂ. ૨૦ લાખ સુધીનો આકરો દંડ ફટકારવામાં આવશે. રાજ્યના અનેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં યોગ્ય માન્યતા કે GSEB બોર્ડના ઓથોરિટી લેટર મેળવ્યા વિના જ બિલ્ડિંગોમાં ગેરકાયદેસર શાળાઓ અને વર્ગો ચલાવવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આવી ગેરકાયદેસર શાળાઓ સામે પણ સરકારે ડિમોલિશન જેવા આકરા મૂડમાં આવી કાર્યવાહી નક્કી કરી છે. યોગ્ય નોંધણી કે રજિસ્ટ્રેશન વગર શાળા ચલાવનારા સંચાલકો સામે ફોજદારી ગુનો નોંધીને સીધા જેલ હવાલે કરવામાં આવશે.

રાજ્ય સરકારના આ ક્રાંતિકારી અને કડક નિર્ણયથી શિક્ષણને ધંધો બનાવી બેઠેલા ખાનગી શાળાના ટ્રસ્ટીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. બીજી તરફ, વાલી મંડળો અને શિક્ષણશાસ્ત્રીઓએ આ બિલનું સ્વાગત કર્યું છે. સરકારના આ જોરદાર નિર્ણયથી હવે શિક્ષણના નામે ચાલતી ગેરરીતિઓ પર પૂર્ણવિરામ મુકાશે અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા ખિલવાડને અટકાવી શકાશે.

## દમણમાં ટોઈંગ સ્ટાફની તાલિબાની ક્રૂરતા: વાહનની જગ્યાએ માણસને દોરડેથી બાંધીને ઢસડ્યો!

દમણ

દોરડું વાહન બાંધવા માટે હોય, ઈન્સાનિયતનો ગળું ટૂંપવા માટે નહીં! પણ દમણના કેચીગામમાં ટ્રાફિક ટોઈંગ કર્મચારીઓએ ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી છે. નોન-પાર્કિંગમાંથી ગાડી ઉઠાવવા ગયેલી ટોઈંગ ટીમ અને વાહન ચાલક વચ્ચે માથાકૂટ થઈ, વાહન ચાલકે ગુસ્સામાં આવીને પથ્થર માર્યો. આ વાતથી ઉશ્કેરાયેલા કર્મચારીઓએ ચાલક સાથે જે કર્યું, તે જોઈને કોઈ પણ સંવેદનશીલ માણસનું લોહી ઊકળી ઉઠે! કાયદાના રક્ષકો અને ટોઈંગ સ્ટાફે અમાનુષી વર્તન દાખવીને વાહન ચાલકના હાથ-પગ દોરડાથી બાંધી દીધા અને તેને ઢોરની જેમ ગાડીમાં નાખીને ઢસડી ગયા. જે દોરડું નિયમભંગ કરનાર વાહનને ક્રેન સાથે બાંધવા વપરાય છે, તે જ દોરડે આ કર્મચારીઓએ જીવતા જાગતા માણસને બાંધી દીધો. આ કઈ



જાતની દાદાગીરી છે? જો વાહન ચાલકે ભૂલ કરી હતી કે પથ્થર માર્યો હતો, તો પોલીસમાં ફરિયાદ કરીને કાયદેસરની કાર્યવાહી કરવાની હોય. તેને રસ્તા પર આ રીતે દોરડે બાંધીને તાલિબાની સજા આપવાનો અધિકાર આ ટોઈંગના કર્મચારીઓને કોણે આપ્યો?

## નડિયાદના પ્રોગ્રેસિવ (ટાટા) શોરૂમમાં કરોડોનું કૌભાંડ: મેનેજર 'રાજન' ગ્રાહકો અને ડીલરોને ચૂનો ચોપડી લાખો-કરોડો રોકડા લઈને છૂમંતર!

નડિયાદ

નડિયાદ શહેરના પ્રખ્યાત 'પ્રોગ્રેસિવ' ટાટા કારના શોરૂમમાં એક સનસનાટીભર્યું અને ચોંકાવનારું કૌભાંડ સામે આવ્યું છે. શોરૂમના કથિત મેનેજર રાજને અનેક માસૂમ ગ્રાહકો, નવી ગાડી ખરીદનારાઓ અને સેકન્ડ હેન્ડ કારના ડીલરો સાથે લાખો-કરોડો રૂપિયાની ઠગાઈ આચરીને રાતોરાત છૂમંતર થઈ જતાં ભારે ખળભળાટ મચી ગયો છે. ઠગાઈનો ભોગ બનેલા લોકો મોટો આક્રોશ વ્યક્ત કરીને આજે મોટી સંખ્યામાં શોરૂમ ખાતે એકત્રિત થયા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, કથિત મેનેજર રાજને જૂની કાર લે-વેચ કરતા સ્થાનિક ડીલરોને ટાર્ગેટ કર્યા હતા. તેણે અન્ય કાર માલિકો પાસેથી મેળવેલી સેકન્ડ હેન્ડ ગાડીઓ આ ડીલરોને વેચી દીધી હતી. ડીલરો પાસેથી તમામ રોકડ અને નાણાં પોતે મેળવી લીધા હતા, પરંતુ મૂળ કાર માલિકો સુધી એક પણ રૂપિયો પહોંચાડ્યો નહોતો! આમ, કાર માલિકો અને ડીલરો બંનેને વચ્ચે રાખીને મેનેજરે મોટો આર્થિક ફટકો માર્યો છે.

આટલું ઓછું હોય તેમ, શોરૂમમાં જે ગ્રાહકો પોતાની જૂની ગાડી 'બાયબેક' (Buyback) સ્કીમ હેઠળ આપીને અમુક રકમ ડાઉન પેમેન્ટ ભરી નવી ટાટા કાર લેવા આવ્યા હતા, તેમની સાથે પણ ખુલ્લેઆમ ઠગાઈ કરવામાં આવી હતી.

### તંત્રએ વિંઝ્યો કાયદાનો કોરડો, બે ઈજનેર સસ્પેન્ડ!

## રાજકોટમાં નિર્માણાધીન બ્રિજની કામગીરીમાં ઘોર બેદરકારી

રાજકોટ

રંગબિરૂબી અને સ્માર્ટ સિટી તરફ આગળ વધી રહેલા રાજકોટ શહેરમાં નિર્માણ પામી રહેલા બ્રિજના કામકાજમાં સામે આવેલી ઘોર બેદરકારી અને ગુણવત્તાહીન કામગીરી સામે મહાનગરપાલિકા અને તંત્રે અત્યંત આકરું વલણ અપનાવ્યું છે. પ્રજાના ટેક્સના નાણાં અને સુરક્ષા સાથે ખિલવાડ કરનારા અધિકારીઓ અને ઈજનેરો સામે મોટો સપાટો બોલાવતાં તંત્ર દ્વારા બે ઈજનેરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ઉચ્ચ કક્ષાએ બેદરકારી દાખવનાર ડેપ્યુટી કમિશનર અને સિટી ઈજનેરને કારણ દર્શક નોટિસ (Show Cause Notice) ફટકારી દેવાતાં મનપા વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

રાજકોટમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે હાથ ધરવામાં આવેલા મલ્ટી-મીલિયન બ્રિજ પ્રોજેક્ટની કામગીરી દરમિયાન સુપરવિઝન અને ટેકનિકલ માપદંડોમાં મોટી બેદરકારી સામે આવી હતી. સાઈટ પર જરૂરી નિરીક્ષણ ન કરવું, ગુણવત્તા ચકાસણીમાં બેદરકારી દાખવવી અને કામગીરીની ધીમી ગતિ સહિતની ક્ષતિઓ ખુલ્લી પડી હતી. આ ગંભીર બેદરકારી ઉચ્ચ અધિકારીઓના ધ્યાને આવતાં જ તંત્ર દ્વારા પ્રાથમિક તપાસના આધારે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે. સાઈટ પર સીધું સુપરવિઝન રાખતા અને કામગીરી માટે જવાબદાર બે ઈજનેરોને સેવામાંથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરાયો છે. આ સમગ્ર પ્રોજેક્ટ પર યોગ્ય મોનિટરિંગ અને સમયસર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેલા ડેપ્યુટી કમિશનર તેમજ સિટી ઈજનેરને સણસણતી નોટિસ પાઠવવામાં આવી છે. તેમની પાસે સમગ્ર મામલે ખુલાસો માંગવામાં આવ્યો છે કે શા માટે તેમની સામે પણ કડક શિસ્ત વિષયક પગલાં ન ભરવામાં આવે! રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને તંત્રના આ ધાકડ પગલાથી કોન્ટ્રાક્ટરો અને ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે. તંત્રે સ્પષ્ટ ચીમકી આપી છે કે જાહેર જનતાની સુરક્ષા સાથે જોડાયેલા કોઈ પણ ડ્રીમ પ્રોજેક્ટ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામગીરીમાં સહેજ પણ બેદરકારી કે ભ્રષ્ટાચાર ચલાવી લેવાશે નહીં. જો આવનારા દિવસોમાં તપાસ દરમિયાન અન્ય કોઈ નાના-મોટા અધિકારીઓની સંડોવણી સામે આવશે તો તેમની સામે પણ પાસા અથવા કાયદાકીય કોરડો વિંઝવામાં આવશે.

### ગુજરાત વિધાનસભામાં 'વંદે માતરમ' પર મહાસંગ્રામ

## રાષ્ટ્રગીતના ગાન સમયે કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા બેસી જતા હોબાળો!

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રના પ્રથમ દિવસે જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. ગૃહની કાર્યવાહી શરૂ થતા જ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ના ગાન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પોતાની સીટ પર બેસી રહેતા મોટો વિવાદ સર્જાયો છે. શાસક પક્ષ ભાજપે આ ઘટનાને ગંભીરતાથી લઈને કોંગ્રેસ અને ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પર તીખા પ્રહારો કર્યા છે. આ ઘટના અંગે ગુજરાત સરકારના રાજ્યમંત્રી પ્રવીણ માળીએ સખત શબ્દોમાં વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રગીત કે રાષ્ટ્રીય ગીત દરમિયાન ઉભા ન થવું એ સંસદીય પરંપરાઓ અને મર્યાદાઓનું સીધું ઉલ્લંઘન છે. મંત્રીએ આક્ષેપ કર્યો હતો કે ઈમરાન ખેડાવાલાનું આ વર્તન માત્ર કોઈ એક ગીતનું નહીં, પરંતુ સમગ્ર દેશ, ભારત માતા અને દેશની પવિત્ર લોકશાહી પ્રણાલીનું સીધું અપમાન છે. ભાજપે માંગ કરી છે કે કોંગ્રેસ આ મુદ્દે પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરે કે આ ખેડાવાલાનું વ્યક્તિગત મંતવ્ય છે કે પાર્ટી પણ આ વલણનું સમર્થન કરે છે. વિવાદ વધતાં કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ મીડિયા સમક્ષ સફાઈ આપતા જણાવ્યું હતું કે, 'હું વંદે



માતરમના ગાન સમયે માનપૂર્વક ઉભો થયો હતો. જેટલી કડીઓ જરૂરી હતી તે દરમિયાન હું ઉભો રહ્યો હતો અને ત્યારબાદ હું બેસી ગયો હતો. આ મારો અંગત નિર્ણય છે.' આ સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, 'અમારામાં ખુદા સિવાય બીજા કોઈની ઈબાદત કરવાનો હુકમ નથી.' તેમની આ દલીલ બાદ રાજકીય વર્તુળોમાં આક્રોશ વધુ ઘેરો બન્યો છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભાજપ આ મુદ્દાને માત્ર રાજકીય નિવેદનબાજી સુધી સીમિત રાખવા માંગતું નથી. શાસક પક્ષ દ્વારા વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ આ અંગે વિધિવત લેખિત રજૂઆત કરીને કાયદાકીય અને બંધારણીય જોગવાઈઓ મુજબ કોંગ્રેસ ધારાસભ્ય સામે કડક કાર્યવાહી કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

## દહેગામ GIDCમાં 2.22 કરોડનું આંતરરાષ્ટ્રીય કૌભાંડ: ચાર શખસ સામે ગુનો નોંધાયો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ GIDCમાં ગણેશ ઈંડક્ટો કાસ્ટ LLP નામે એલ્યુમિનિયમ મેન્યુફેક્ચરીંગનો વ્યવસાય કરતા બિઝનેસમેન સાથે એલ્યુમિનિયમ સ્ક્રેપના વેપારના બહાને 2.22 કરોડથી વધુની માતબર રકમની ઠગાઈ આચરવામાં આવી છે. દહેગામ પંથકમાં વેપારીઓ સાથે છેતરપિંડી આચરવાના આ મોટા આંતરરાષ્ટ્રીય કૌભાંડ અંગે પોલીસ દ્વારા ચાર આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. દહેગામ પંથકમાં વેપારીઓ સાથે છેતરપિંડી આચરવાના વધુ એક મોટા આંતરરાષ્ટ્રીય કૌભાંડનો પર્દાફાશ થયો છે. દહેગામ જીઆઈડીસી ખાતે 'ગણેશ ઈંડક્ટો કાસ્ટ એલએલપી' નામે એલ્યુમિનિયમ મેન્યુફેક્ચરીંગનો વ્યવસાય કરતા અને કંપનીના મેનેજીંગ ડિરેક્ટર પ્રવિણભાઈ કાંતીભાઈ પટેલ સાથે આ સમગ્ર કૌભાંડની શરૂઆત વર્ષ 2019માં થઈ હતી. જ્યારે પ્રવિણભાઈ પટેલ કડી સ્થિત એક કંપનીમાંથી કાસ્ટ આયર્ન ખરીદતા હતા. તે દરમિયાન ત્યાં સેલ્સમેન તરીકે નોકરી કરતો નીરજ રામાવતાર કુમાર તેમના સંપર્કમાં આવ્યો હતો.

## સૌરાષ્ટ્રના સહકારી રાજકારણમાં જયેશ રાદડિયાનો એકચક્રી શાસન: ભાજપના વ્હીપને બગલમાં દબાવી રાદડિયા જૂથની ભવ્ય અને ઐતિહાસિક જીત!

### રા.લો. સંઘની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો અરવિંદ રૈયાણી અને ઘોઘુભા જાડેજાની કારમી હાર, કડવા-લેઉવા પાટીદાર અને સહકારી ક્ષેત્રમાં રાદડિયા પરિવારનો દબદબો યથાવત

રાજકોટ

સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રના અકાટ્ય તાજપહેનેલા રાજા અને જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાએ રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘ (રા.લો. સંઘ)ની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં પોતાની તાકાતનો પરચો બતાવીને ભાજપના મોવડીમંડળને સણસણતો જવાબ આપ્યો છે. ભાજપ પ્રદેશ સંગઠન દ્વારા જાહેર કરવામાં આવેલા અધિકૃત વ્હીપ (Whip) અને ઉમેદવારોને ધૂળ ચાટતા કરીને જયેશ રાદડિયા જૂથે તમામ મહત્વની બેઠકો પર એકતરફી વિજય ધ્વજ લહેરાવ્યો છે. આ પરિણામોએ સાબિત કરી દીધું છે કે સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રમાં પક્ષ કરતાં જયેશ રાદડિયાનું કદ અને વજન ઘણું મોટું છે.

રા.લો. સંઘની આ હાઈવોલ્ટેજ ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચિત અને પ્રતિષ્ઠાભરી ગણાતી કુવાડવા બેઠક પર ભાજપે પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીના સમર્થનમાં વ્હીપ જારી કર્યો હતો. તેમ છતાં, જયેશ રાદડિયા જૂથના નીતિન ચોવટિયાએ ભાજપના આ વ્હીપના લીરેલીરા ઉડાડીને અરવિંદ રૈયાણીને ભવ્ય શિકસ્ત આપી હતી. ભાજપના મંચ અને વગદાર નેતાઓના પીઠબળ છતાં રાદડિયા જૂથના ઉમેદવારનો આ વિજય પ્રદેશ ભાજપના પેટમાં તેલ રેડે તેવો છે. આ જ રીતે માધાપર બેઠક પર પણ ભાજપ હાઈકમાન્ડ દ્વારા ઘોઘુભા જાડેજાને વ્હીપ આપીને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. પરંતુ રાદડિયા જૂથના વિજય સખિયા આગળ ભાજપનું કોઈ ગણિત કામ ન આવ્યું. વિજય સખિયાએ ભાજપના ઉમેદવાર ઘોઘુભા જાડેજાને ધૂળ ચાટતા કરીને માધાપર બેઠક પર રાદડિયા જૂથનો ઝંડો ગાડી દીધો હતો. સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાના સમયથી સહકારી માળખા પર રાદડિયા પરિવારની મજબૂત પકડ રહી છે. રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ (RDC) બેંક હોય, ઈફ્કો (IFFCO) હોય કે પછી રા.લો. સંઘ હોય, જયેશ રાદડિયાએ પક્ષની લાઈનથી અલગ જઈને પણ સહકારી ક્ષેત્રમાં ખેડૂતો અને મતદારો પર પોતાની પકડ સાબિત કરી બતાવી છે.

**સરકારી ભરતીમાં વિલંબ અને પેપરલીકની ઘટનાઓથી વિદ્યાર્થીઓ અને વાલીઓનો વિશ્વાસ તૂટી ગયો છે : ચાવડા**

# ગાંધીનગરમાં કોંગ્રેસના 'જન આક્રોશ ધરણાં': 2027માં પરિવર્તન નક્કી! અમીત ચાવડાના ભાજપ સરકાર પર આકરા પ્રહારો

ગાંધીનગર/ગુજરાત

ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યના મોંઘવારી, બેરોજગારી, કાયદો-વ્યવસ્થા અને ખેડૂતોના પડતર પ્રશ્નોને લઈને એક વિશાળ 'જન આક્રોશ ધરણાં' પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિરોધ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી સહિતના વરિષ્ઠ નેતાઓએ ભાજપના શાસન અને તેની નીતિઓ સામે આકરા પ્રહારો કર્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી ભાજપના ભ્રષ્ટ શાસન, તઘલખી નિર્ણયો અને અણઘડ વહીવટનો ભોગ બની રહી છે.

ચાવડાએ કટાક્ષ કરતા કહ્યું કે, 'એક સમયે ભાજપના લોકો 'ચાય પે ચર્ચા' કરવા જતા હતા, પરંતુ હવે તેઓ જતાં નથી, કારણ કે ચાય પે ચર્ચા કરતાં ચીની અને મોંઘવારી પે ચર્ચા થઈ જાય છે.'



વરસાદ ખેંચાતાં રાજ્યમાં ખેડૂતો આર્થિક પાયમાલીના આરે છે. સરકાર તાત્કાલિક વાસ્તવિક સર્વે કરાવીને અસરગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે તેમજ ખેડૂતોનું ચાલુ વર્ષનું પાક ધિરાણ અને વીજબીલ સંપૂર્ણપણે માફ કરે.

ચાવડાએ કહ્યું કે, 'એક તરફ ખેડૂત આકાશ સામે જોઈ રહ્યો છે અને બીજી તરફ મુખ્યમંત્રી દિલ્હી-વિદેશના પ્રવાસોમાં તથા નાયબ મુખ્યમંત્રી રીલ્સ બનાવવામાં વ્યસ્ત છે. નેતાઓ પ્રચાર છોડી પહેલા ખેડૂતના ખેતરે જાય અને તેમની પીડા જુઓ.'

સરકારી ભરતીમાં વિલંબ અને પેપરલીકની ઘટનાઓથી વિદ્યાર્થીઓ અને વાલીઓનો વિશ્વાસ તૂટી ગયો છે. યુવાનોને ભાષણ નહીં પણ સ્થાયી રોજગારી જોઈએ છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રજાના મહત્વના પ્રશ્નોથી ભાગવા માટે ભાજપ સરકાર વિધાનસભાનું માત્ર ત્રણ દિવસનું ટૂંકું સત્ર બોલાવીને લોકશાહીની મજાક ઉડાવી રહી છે. કોંગ્રેસ પક્ષ સડકથી લઈને વિધાનસભા સુધી પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું કામ કરી રહ્યો છે.

કોંગ્રેસની પ્રમુખ માગણીઓ:

1. વરસાદની અછતવાળા તમામ તાલુકા-જિલ્લાઓને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અને વિશેષ ખેડૂત રાહત પેકેજ આપવું.
2. ખેડૂતોનું ચાલુ વર્ષનું પાક ધિરાણ અને વીજબીલ સંપૂર્ણ માફ કરવું.
3. પશુપાલકો માટે ૭ કિમીની ત્રિજ્યામાં ઘાસચારા વિતરણ કેન્દ્રો અને પાંજરાપોળની યોગ્ય વ્યવસ્થા કરવી.
4. યુવાનો માટે સરકારી ભરતીઓ ઝડપી બનાવી ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવી.
5. શિક્ષણનું વેપારીકરણ અટકાવી સામાન્ય વર્ગને પરવડે તેવું ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું.
6. મહિલા સુરક્ષા માટે કડક પગલાં લેવા અને SC, ST તથા OBC સમાજ પર થતા અત્યાચારો અટકાવવા.


આ જન આક્રોશ ધરણાંમાં અખિલ ભારતીય કોંગ્રેસ ક્ષેત્રના વરિષ્ઠ નેતાઓ જેવા કે જગદીશભાઈ ઠાકોર, ડૉ. અમીબેન યાજ્ઞિક, મધુસુદન મિસ્ત્રી, લાલજીભાઈ દેસાઈ, જિગ્નેશ મેવાણી, ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, હિંમતસિંહ પટેલ સહિત ધારાસભ્યો અને સેવાદળ, NSUI, યુવા કોંગ્રેસ તથા મહિલા કોંગ્રેસના તમામ પદાધિકારીઓ અને કાર્યકરો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

કોંગ્રેસે આહવાન કર્યું હતું કે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતની જનતા ભાજપના શાસનનો હિસાબ માગી પરિવર્તન લાવશે.

## ગેસ ગળતર દુર્ઘટનામાં યુવકના મોત મામલે બાજવા ગામમાં આક્રોશ: કરણી સેનાના યુવા અધ્યક્ષ લખન દરબાર અન્ન ત્યાગ કરી ધરણા પર બેઠા

બાજવા (વડોદરા)

વડોદરા નજીક આવેલા બાજવા ગામ ખાતે ગેસ ગળતરની ગંભીર દુર્ઘટનામાં એક નિર્દોષ યુવકના મોતને લઈને સમગ્ર વિસ્તારમાં સન્નાટો અને ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ઘટનાના ૩-૩ દિવસ વીતી ગયા હોવા છતાં તંત્ર કે સંબંધિત જવાબદારો સામે કોઈ જ કાયદાકીય કાર્યવાહી ન થતાં મૃતક ઘનશ્યામભાઈ મકવાણાના પરિવારજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પીડિત પરિવારને ન્યાય અપાવવાની લડતમાં કરણી સેનાના યુવા અધ્યક્ષ લખન દરબાર ખુદ અન્ન ત્યાગ કરીને બાજવા ગામ ખાતે અનિશ્ચિત મુદતના ધરણા પર બેસી ગયા છે. પીડિત પરિવારની બહેને તંત્રની ઘોર ઉદાસીનતા સામે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, 'મારા ભાઈ ઘનશ્યામભાઈ મકવાણાનું ગેસ લાગવાથી કરુણ મોત થયું છે. બનાવને ત્રણ દિવસ જેટલો સમય વિતી ગયો હોવા છતાં તંત્ર કે જવાબદારો તરફથી હજુ સુધી કોઈ જ તપાસ કે ન્યાયિક આશ્વાસન મળ્યું નથી.' ઘટનાની ગંભીરતાને જોતાં સ્થાનિક મહિલાઓ પણ મોટી સંખ્યામાં ઘરકામ છોડીને



પરિવારના સમર્થનમાં ધરણા સ્થળે આવી પહોંચી છે અને દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહી છે. આ દુર્ઘટના પાછળ જે પણ કંપની કે સંસ્થાની બેદરકારી જવાબદાર છે, તેમની સામે તાત્કાલિક ધોરણે ફોજદારી ગુનો દાખલ કરી કાનૂની પગલાં ભરવામાં આવે તેવી સ્પષ્ટ માંગણી કરવામાં આવી છે.

## ડભોઇ ખાતે નવી રેલવે સેવાઓનું ભવ્ય સ્વાગત: PM દ્વારા લોકાર્પણ બાદ ટ્રેનને અપાઈ લીલી ઝંડી

ડભોઇ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વડોદરા ખાતેથી રૂ. ૩૫,૭૦૦ કરોડથી વધુના રેલવે પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ટાડા રોડ-વડોદરા (પ્રતાપનગર) પેસેન્જર ટ્રેન તેમજ ડેડિકેટેડ ફ્રેઈટ ટ્રેન સેવાનો પ્રારંભ થતાં ડભોઈ સ્ટેશને ઉત્સાહભેર સ્વાગત કરાયું હતું. વડોદરા ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતીય રેલવેના આધુનિકીકરણ અને પરિવહન ક્ષમતા વધારવા માટે રૂ. ૩૫,૭૦૦ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરવામાં આવ્યું હતું. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અંતર્ગત ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) સહિત ટાડા રોડ-વડોદરા (પ્રતાપનગર) નવી રેલવે સેવા તેમજ ફ્રેઈટ ટ્રેન સેવાનો પ્રારંભ થયો છે. આ વિકાસકાર્યોના ભાગરૂપે નવી ટ્રેન સેવા જ્યારે ડભોઈ રેલવે સ્ટેશને આવી પહોંચી ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

રેલવે વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તેમજ સ્થાનિક રાજકીય અને સામાજિક



અગ્રણીઓની ઉપસ્થિતિમાં ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. નવી કનેક્ટિવિટીથી ડભોઈ અને આસપાસના ગ્રામીણ વિસ્તારના મુસાફરો, દૈનિક અપ-ડાઉન કરનારાઓ અને વેપારીઓને મોટો ફાયદો થશે. આ નવી સુવિધા શરૂ થવાથી ડભોઈ પંથકના વેપાર-રોજગારને વેગ મળશે અને પરિવહન સેવા વધુ ઝડપી અને સુવિધાજનક બનશે. આ સ્વાગત કાર્યક્રમ દરમિયાન રેલવે પ્રશાસન અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વડોદરા ખાતેથી રૂ. ૩૫,૭૦૦ કરોડથી વધુના રેલવે પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત ટાડા રોડ-વડોદરા (પ્રતાપનગર) પેસેન્જર ટ્રેન તેમજ ડેડિકેટેડ ફ્રેઈટ ટ્રેન સેવાનો પ્રારંભ થતાં ડભોઈ સ્ટેશને ઉત્સાહભેર સ્વાગત કરાયું હતું. વડોદરા ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતીય રેલવેના આધુનિકીકરણ અને પરિવહન ક્ષમતા વધારવા માટે રૂ. ૩૫,૭૦૦ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરવામાં આવ્યું હતું.

## દાંતા-હડાદમાં આંગણવાડી વિતરણ કામગીરીને લઈને ગંભીર સવાલો : વિતરણ કરનાર પહેલાથી વેચાણ સાથે સંકળાયેલો હતો

દાંતા

દાંતા તાલુકાના હડાદ વિસ્તારમાં આંગણવાડીના જથ્થાના વિતરણની કામગીરી ફરી વિવાદમાં આવી છે. હાલમાં આંગણવાડીના જથ્થાના વિતરણની કામગીરી સંભાળનાર વ્યક્તિ સામે અગાઉ પણ આંગણવાડીના જથ્થાના બારોબાર વેચાણ કરી કમાણી કરવાના ગંભીર આક્ષેપો છે અને ગાડીઓ પકડાઈ ચુકી છે. સૌથી મોટો સવાલ એ છે કે અગાઉની કામગીરી અંગે ફરિયાદો સામે આવ્યા હોવા છતાં ફરીથી એ જ વ્યક્તિને આંગણવાડીના જથ્થાના વિતરણની કામગીરી કેવી રીતે સોંપવામાં આવી? શું કામગીરી સોંપતી વખતે અગાઉના રેકોર્ડની




તપાસ કરવામાં આવી હતી? આ મામલે મીડિયા દ્વારા અહેવાલો પ્રસિદ્ધ થયા હોવા ઉપરાંત આધાર-પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. તેમ છતાં સંબંધિત CDPO અને DDO દ્વારા હજુ સુધી સ્પષ્ટ અને અસરકારક કાર્યવાહી કેમ કરવામાં આવી નથી? તે અંગે હવે સવાલો ઉઠી રહ્યા છે.આંગણવાડીનો જથ્થો સીધો બાળકોના પોષણ અને તેમના હક સાથે જોડાયેલો હોવાથી તેમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ગંભીર બાબત બની શકે છે. જો અગાઉ જથ્થો બારોબાર વેચાયો હતો અને ગાડી અંધારિયા બસ સ્ટેન્ડ આગળ પકડાઈ હતી તેમ છતાં ફરીથી આવા લોકોને વિતરણની કામગીરી સોંપવામાં આવી સ્થાનિકોનો સવાલ છે કે મીડિયા અહેવાલ અને આધાર-પુરાવા સામે આવ્યા બાદ પણ તંત્ર મૌન કેમ?

નગરપાલિકા અને PWD ની ઉદાસીનતા સામે રહીશોમાં ભારે રોષ

## ડભોઈ શિનોર ચોકડી પાસે ડ્રેનેજનું ગંદુ પાણી ભરાતાં રોગચાળાની ભીતિ

વિમલ સોસાયટીના રહીશો છેલ્લા દોઢ મહિનાથી અધૂરા રોડ અને ગટરના પાણીના ભરાવાથી ત્રાહિમામ: ગણેશોત્સવ પર સંકટના વાદળો છવાતાં ઉગ્ર આંદોલનની ચીમકી

ડભોઈ

ડભોઈના શિનોર ચોકડી વિસ્તારમાં આવેલા વિમલ સોસાયટીના રહીશો માટે વહીવટી તંત્રની ઘોર બેદરકારી ભારે સજા સમાન બની ગઈ છે. છેલ્લા દોઢ મહિનાથી રોડની અધૂરી કામગીરી અને ગટરના ગંદા પાણીના ભરાવાને કારણે સ્થાનિકો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. રોડ નિર્માણની કામગીરી દરમિયાન ડ્રેનેજ લાઈનની કુંડીઓ તોડી નખાતાં સમગ્ર વિસ્તારમાં ગટરનું ગંદુ પાણી ફરી વળ્યું છે, જેના કારણે સ્થાનિકોમાં નગરપાલિકા અને PWD વિરુદ્ધ ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.



સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વાર અને રસ્તા પર સતત ગટરનું દુર્ગંધયુક્ત પાણી ભરાઈ રહેવાથી આસપાસના વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ ચરમસીમાએ પહોંચ્યો છે.

ગંદા પાણીના ભરાવાથી ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા જીવલેણ રોગચાળો ફેલાવાનો ભારે ભય સેવાઈ રહ્યો છે.

રસ્તા પર જમા થયેલા કાદવ-કીચડના કારણે વાહનચાલકો સ્લિપ થઈને પડી રહ્યા છે અને રાહદારીઓ સતત અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આગામી દિવસોમાં આવી રહેલા ગણેશ મહોત્સવને લઈને શ્રદ્ધાળુઓમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. જે સ્થળે પરંપરાગત રીતે ગણપતિજીની સ્થાપના કરવામાં આવે છે, તે જ જગ્યાએ હાલ ગટરનું ગંદુ પાણી અને કાદવનો જમાવડો છે. આથી, આ પવિત્ર તહેવારની ઉજવણી કેવી રીતે કરવી તે અંગે ભક્તો અને સોસાયટીના રહીશો ગંભીર મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, તંત્ર સંપૂર્ણપણે જવાબદારીમાંથી છટકી રહ્યું છે.

ગોપાલ ઇટાલિયાનો સણસણતો પ્રહાર!

## માણસ જન્મે તો 6 દિવસે છઠ્ઠી, મરે તો 12મું 12 દિવસે... પણ 6 કરોડ ગુજરાતીઓની વિધાનસભા ફક્ત 3 દિવસ?!'

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રના પ્રારંભ સાથે જ વિપક્ષ અને સરકાર વચ્ચે તીખો રાજકીય જંગ શરૂ થઈ ગયો છે. વિધાનસભાનું સત્ર માત્ર ત્રણ જ દિવસનું રાખવામાં આવતા આમ આદમી પાર્ટીના સીનિયર નેતા અને ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકારની નીતિ અને દાનત સામે અત્યંત ઘાતક અને રોકડા પ્રહારો કર્યા છે. સામાજિક પરંપરાઓના દાખલા આપીને ગોપાલ ઈટાલિયાએ સત્તાધારી પક્ષ પર કટાક્ષ કરતા સમગ્ર રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ગોપાલ ઈટાલિયાએ અત્યંત આકરા અને ધારદાર શબ્દોમાં વ્યંગ કરતા જણાવ્યું હતું કે, 'આપણા સમાજમાં બાળકનો જન્મ થાય તો પણ તેનું નામકરણ અને છઠ્ઠી છઠ્ઠા દિવસે થાય છે, કોઈ વ્યક્તિનું અવસાન થાય તો તેનું ૧૨મું ૧૨ દિવસે થાય છે, અને સામાન્ય લગ્નપ્રસંગ પણ ૩-૪ દિવસ સુધી ચાલે છે. પરંતુ દુઃખની વાત એ છે કે ગુજરાતની ૬ કરોડ જનતાના ભવિષ્યનો નિર્ણય કરતી આપણી આ વિધાનસભા ફક્ત ૩ દિવસ જ ચલાવવામાં આવે છે!' ગોપાલ ઈટાલિયાએ આગળ ઉમેર્યું હતું કે, 'આ ૩ દિવસના ટૂંકા સત્રમાં પણ દોઢ દિવસ તો રજા, શોક દર્શાવવાના પ્રસ્તાવ અને સરકારી ઔપચારિકતાઓમાં જ વીતી જશે. વાસ્તવમાં જનતાના પ્રશ્નોની ચર્ચા કરવા માટે માત્ર ગણતરીના કલાકો જ મળશે.

જો સત્ર આટલું ટૂંકું જ રાખવું હોય તો ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પ્રજાના સળગતા પ્રશ્નો, ખેડૂતોની સમસ્યાઓ, મોંઘવારી, બેરોજગારી અને શિક્ષણ-આરોગ્યના મુદ્દાઓની ચર્ચા ક્યારે અને કેવી રીતે કરશે?'

## છોટાઉદેપુરમાં ભાજપ કાર્યાલય 'કમલમ' માટે મધ્યપ્રદેશના કુખ્યાત બુટલેગર પીન્ટુ જયસ્વાલે જમીન આપી

'બુટલેગરો અને સત્તાધારી પક્ષના કથિત ગઠબંધનથી દારૂ માફિયાઓ બેફામ બન્યા': શું પ્રદેશ પ્રમુખ આ ગંભીર બાબતથી વાકેફ છે કે કેમ?

છોટાઉદેપુર

ગુજરાતના સરહદી જિલ્લા છોટાઉદેપુરમાં ભાજપના નવનિર્મિત કાર્યાલય 'કમલમ'ને લઈને એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો રાજકીય વિવાદ સામે આવ્યો છે. આદિવાસી વિસ્તાર અને મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલા આ વિસ્તારમાં ભાજપના કમલમ કાર્યાલય માટેની જમીન મધ્યપ્રદેશના કુખ્યાત આંતરરાજ્ય બુટલેગર પીન્ટુ જયસ્વાલે આપી હોવાનો ગંભીર આક્ષેપ સામે આવતાં રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક અને વિપક્ષી વર્તુળો દ્વારા આ મુદ્દાને લઈને ભાજપની નીતિ અને માનસિકતા સામે આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે. ગાંધીના ગુજરાતમાં એક તરફ દારૂબંધીના કડક અમલની વાતો કરવામાં આવે છે, અને બીજી તરફ સત્તાધારી પક્ષ પોતાના કાર્યાલય માટે આંતરરાજ્ય દારૂના કાળા કારોબાર સાથે સંકળાયેલા કુખ્યાત બુટલેગર પાસેથી જમીન મેળવે છે તેવા સણસણતા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. આક્ષેપો મુજબ, મધ્યપ્રદેશ અને ગુજરાતની સરહદેથી કરોડો રૂપિયાનો ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડવામાં પીન્ટુ જયસ્વાલનું નામ અગાઉ પણ ચર્ચામાં રહ્યું છે. તેવા સંજોગોમાં સત્તાધારી પક્ષના કાર્યાલય માટે આવી વ્યક્તિ પાસેથી જમીન લેવામાં આવતાં, દારૂ માફિયાઓ અને બુટલેગરોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. બુટલેગરો હવે સંપૂર્ણ હક્ક અને રોફથી ખુલ્લેઆમ પોતાનો કાળો કારોબાર ચલાવી રહ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

કલોલમાં પુત્ર જ બન્યો બાપનો કાળ

## અમેરિકાથી આવેલો 40 વર્ષીય કલ્પેશ પ્રજાપતિ પિતાની હત્યાના ગુનામાં ગિરફ્તાર!

ગાંધીનગર

ગાંધીનગરના કલોલ શહેરમાંથી બાપ-દીકરાના પવિત્ર સંબંધને લજવતી અને કાળજું કંપાવી દે તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. પૈસાની લેવડદેવડ અને ઘરગથ્થુ પારિવારિક વિવાદમાં અંધ બનેલા સગા પુત્રે જ પોતાના જન્મદાતા પિતાની લાકડીના સટાટોટ ફટકા મારીને નિર્મમ હત્યા કરી નાખી છે. છ મહિના પહેલા જ અમેરિકાથી પરત ફરેલા NRI પુત્રની આ ઘાતકી કરતૂતથી સમગ્ર કલોલ અને ગાંધીનગર જિલ્લામાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, કલોલ ખાતે રહેતા અને અલગ જીવન ગુજારતા કાંતિલાલ



પ્રજાપતિ સાયકલના પંક્ચરની દુકાન ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ઘટનાના દિવસે કાંતિલાલે પોતાની પત્ની મધુભાન સાથે કોઈ બાબતે ઉગ્ર ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈને પત્નીને લાકડી વડે માર માર્યો હતો. માતા પર થયેલા હુમલાની જાણ થતાં જ તેમનો ૪૦ વર્ષીય પુત્ર કલ્પેશ પ્રજાપતિ ક્રોધે ભરાયો હતો. કલ્પેશ પોતાના પિતાને સમજાવવાના બહાને તેમની સાયકલની દુકાને પહોંચ્યો હતો. દુકાને પહોંચ્યા બાદ પિતા-પુત્ર વચ્ચે જૂની પૈસાની લેવડદેવડ અને માતા પર કરેલા હુમલા અંગે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. જોતજોતામાં વાત એટલી હદે વણસી ગઈ કે ગુસ્સામાં અંધ થયેલા કલ્પેશે કાયદો અને લોહીના સંબંધોને કોરાણે મૂકી દીધા હતા. તેણે ત્યાં પડેલી લાકડી હાથમાં લઈ પોતાના જ પિતા કાંતિલાલ પર જીવલેણ હુમલો કરી દીધો હતો. કલ્પેશે પિતાના શરીર અને માથાના ભાગે એક પછી એક કાળજું કંપાવી દે તેવા દંડાના ફટકા માર્યા હતા. પુત્રના ક્રૂર હુમલાના કારણે કાંતિલાલ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા.

બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોરનો દિલ્હીમાં મોટો ધડાકો

## ખેડૂતોની જમીન બચાવવા કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી સમક્ષ કરી ધારદાર રજૂઆત!

બનાસકાંઠા

બનાસકાંઠાના લોકપ્રિય સાંસદ ગેનીબેન ઠાકોરે દેશની રાજધાની દિલ્હી ખાતેથી ખેડૂતોના હક અને આજીવિકા માટે મજબૂત બુલંદ અવાજ ઉઠાવ્યો છે. પાલનપુર-ડીસા બાયપાસ પ્રોજેક્ટના કારણે બનાસકાંઠાના ૧૨થી વધુ ગામોના ખેડૂતોની અત્યંત ફળદ્રુપ અને ઉપજાઉ જમીન સંપાદન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર મુદ્દે બનાસકાંઠાના ખેડૂતોના ઢાલ બનીને ઊભા રહેલા ગેનીબેન ઠાકોરે દિલ્હીમાં સીધા કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી સાથે રૂબરૂ મુલાકાત કરીને ખેડૂતોનો પક્ષ મજબૂતીથી રજૂ કર્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, પાલનપુર-ડીસા બાયપાસ રોડના પ્રસ્તાવિત નકશાના કારણે ભોયણ, જૂના ડીસા અને આસપાસના અન્ય ૧૨ જેટલા સમૃદ્ધ ગામોના ખેડૂતોની કિંમતી ખેતીની જમીન આંચકાઈ જવાની પૂર્ણ શક્યતાઓ ઊભી થઈ છે. ખેડૂત માટે તેની જમીન માત્ર માટીનો ટુકડો નથી, પરંતુ તેના આખા પરિવારનું પેટ ભરવાનું સાધન અને ભવિષ્યનો આધાર છે. વિકાસના નામે ખેડૂતોને પાયમાલ થતા અટકાવવા માટે સાંસદ ગેનીબેને કેન્દ્રીય મંત્રીને રૂબરૂ મળીને વિસ્તૃત પત્ર સોંપ્યો હતો અને સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા.

આ માત્ર એક પ્રોજેક્ટ પૂરતું સીમિત નથી, પરંતુ પાટણ-નવીન રોડના કામકાજ અંગે પણ સાંસદે મંત્રીશ્રી સમક્ષ સણસણતો પ્રશ્ન ઉઠાવ્યો હતો. આ રસ્તાના નિર્માણમાં પણ અનેક ખેડૂતોની જમીન કપાતમાં જઈ રહી હોવાથી આ સમગ્ર પ્રોજેક્ટનો તાત્કાલિક ધોરણે 'રિસર્વે' (Re-survey) કરાવવાની કડક માંગ કરવામાં આવી છે. ખેડૂતોની માંગણીઓ અને તેમના વ્યાજબી હિતોને ધ્યાનમાં રાખીને યોગ્ય ન્યાય આપવા દિલ્હીના દરબારમાં રજૂઆત કરવામાં આવી છે.

સાંસદ ગેનીબેન ઠાકોરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, બનાસકાંઠાનો ખેડૂત રક્તના પાણી કરીને ખેતી કરે છે. વિકાસ જરૂરી છે, પરંતુ તે ખેડૂતોની બરબાદીના ભોગે ન હોવો જોઈએ. કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીજીએ પણ આ રજૂઆતને ગંભીરતાથી સાંભળીને સકારાત્મક પગલાં ભરવાની આશ્વાસન આપ્યું છે. હવે જોવાનું એ રહેશે કે દિલ્હી દરબારમાં ગૂંજેલા આ અવાજ બાદ તંત્ર ક્યારે જાગે છે અને ૧૨ ગામોના અસંખ્ય ખેડૂતોને ક્યારે કાયમી ન્યાય મળે છે.

## તંત્રી લેખ...


# વિચારોનું વાવેતર અને ભવિષ્યનું ઘડતર: શિક્ષણ માત્ર માહિતીનું આદાન-પ્રદાન નથી, પણ મનની મુક્તિનો માર્ગ છે

આજના ઝડપથી બદલાતા ડિજિટલ યુગમાં શિક્ષણની વ્યાખ્યા અને શિક્ષકની ભૂમિકા બંને એક મોટા પરિવર્તનના વળાંક પર ઊભા છે. ઈન્ટરનેટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના જમાનામાં બાળક પાસે તથ્યો કે માહિતીની કોઈ કમી નથી. પરંતુ, માહિતી પ્રાપ્ત થવી અને જ્ઞાનનો જન્મ થવો – આ બંને વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે. આજના સમયનું સૌથી મોટું સત્ય એ છે કે જ્યાં સુધી શિક્ષક એ નથી વિચારતો કે મારે બાળકોને શું વિચારતા કરવાના છે, ત્યાં સુધી તમામ પદ્ધતિઓ, સિલેબસ અને ગુણવત્તાના દાવાઓ વ્યર્થ છે.

શિક્ષણ એ માત્ર ચોપડાના પાના ગોખાવીને પરીક્ષાની ઉત્તરવહીમાં ઠાલવી દેવાનો વેપાર નથી. બાળકનું મગજ એ સ્ટોરેજ ડિવાઈસ નથી, પણ અનંત શક્યતાઓનું બ્રહ્માંડ છે.

## ‘શું વિચારે છે’ નહીં, ‘કેવી રીતે વિચારે છે’ તે સમજવું જ ખરી સાધના છે

દરેક બાળકની સમજણ અને શીખવાની ઝડપ અલગ હોય છે. એક વર્ગખંડમાં બેઠેલા ચાલીસ બાળકો એક જ વિષયને ચાલીસ જુદી જુદી દ્રષ્ટિથી જોઈ શકે છે. શિક્ષકની ખરી સફળતા



એમાં નથી કે તે ચાલીસ બાળકોને એક જ ચોકઠામાં ઢાળી દે, પણ એમાં છે કે તે સમજે કે દરેક બાળક કેવી રીતે વિચારે છે (Process of Thinking).

જિજ્ઞાસાને જીવંત રાખવી: બાળક જ્યારે સવાલ પૂછે છે, ત્યારે તે તેના વિચારવાની શરૂઆત હોય છે. તેને ‘બેસી જા‘ કહીને ડરાવવાને બદલે તેના સવાલમાંથી નવા પ્રશ્નો ઊભા કરવા એ શિક્ષકની આવડત છે.

ભૂલો કરવાનો અધિકાર: શીખવાની પ્રક્રિયા ભૂલો વગર શક્ય નથી. બાળક ભૂલ કરે ત્યારે તેને શિક્ષા કરવાને બદલે તે ભૂલ શા માટે થઈ અને તેને કેવી રીતે સુધારી શકાય – તે વિચારતો કરવો એ સાચું માર્ગદર્શન છે.

ક્ષમતાઓનું સન્માન: કોઈ બાળક ગણિતમાં નબળું હોય પણ ચિત્રકામ કે સંગીતમાં અદ્ભુત ક્ષમતા ધરાવતું હોય. સાચો શિક્ષક નબળાઈઓ ગણાવવાને બદલે બાળકની સુષુપ્ત શક્તિઓને ઓળખીને તેને ખીલવવાનું વાતાવરણ પૂરું પાડે છે.

## સમાજ માટે પ્રેરણારૂપ દાખલો: જ્યારે વિચારો બદલાય છે ત્યારે પેઢીઓ બદલાય છે

ચાલો, આ વાસ્તવિકતાને સમાજના એક પ્રેરણાદાયી દાખલા દ્વારા સમજીએ:

એક કિસ્સો જે આંખો ઉઘાડે છે:

એક ગામડાની સરકારી પ્રાથમિક શાળામાં વિજ્ઞાન અને ગણિતના એક નવા શિક્ષક આવ્યા. વર્ગમાં એક બાળક એવો હતો જે ગણિતના દાખલામાં વારંવાર નાપાસ થતો અને હંમેશા શાંત બેસી રહેતો. બીજા શિક્ષકો તેને ‘મંદબુદ્ધિ‘ કે ‘અભણ રહેવા સર્જાયેલો‘ ગણીને છોડી ચૂક્યા હતા.

નવા શિક્ષકે તેને સજા આપવાને બદલે નિરીક્ષણ કર્યું કે આ બાળક ગણિતના વર્ગમાં ચોપડીના પાછળના પાને ઝાડ, પક્ષીઓ અને મકાનોના નકશા ખૂબ જ ચોકસાઈથી દોરે છે. શિક્ષકે તેના વિચારવાની રીત સમજી. બાળકની વિચારસરણી ’અમૂર્ત આંકડાઓ’ (Numbers) પર નહીં, પણ ’દ્રશ્ય વિઝ્યુઅલ્સ’ (Visuals) પર ચાલતી હતી.

શિક્ષકે તેને આંકડાઓ ગોખાવવાને બદલે તેને નકશા, ભૂમિતિની આકૃતિઓ અને વ્યવહારુ વસ્તુઓ ગણીને ગણિત શીખવવાનું શરૂ કર્યું. બાળકની અંદર રહેલી ’કેવી રીતે વિચારવું’ની ક્ષમતા ખુલી ગઈ. તે જ બાળક આગળ જઈને દેશનો એક સફળ આર્કિટેક્ટ બન્યો!

આ બોધપાઠ છે: શિક્ષકે બાળકના મગજ પર પોતાનો દ્રષ્ટિકોણ થોપ્યો નહીં, પણ બાળકની વિચારવાની શક્તિને ઓળખીને તેને યોગ્ય દિશા આપી.

## વાલીઓની ભૂમિકા: વર્ગખંડ અને ઘર વચ્ચેનો સેતુ

બાળકના વિચારસરણીના ઘડતરમાં માત્ર શિક્ષક જ નહીં, પણ વાલીઓની ભૂમિકા પણ એટલી જ નિર્ણાયક છે. ઘર એ બાળકણી પ્રથમ શાળા છે.

સરખામણી બંધ કરો: જ્યારે વાલીઓ પોતાના બાળકની સરખામણી બીજા બાળકો સાથે કરે છે, ત્યારે બાળકની પોતાની રીતે વિચારવાની ક્ષમતા કુંઠિત થઈ જાય છે. માર્ક્સ નહીં, મન સમજો: બાળક પરીક્ષામાં કેટલા ટકા લાવ્યો તેના કરતાં તેણે શું નવું શીખ્યું અને તેની વિચારસરણી કેટલી ખુલી તે પૂછવાની ટેવ પાડવી જોઈએ. ઘરમાં મુક્ત વાતાવરણ: બાળકને ઘરમાં પોતાના વિચારો રજૂ કરવાની અને નિર્ણય લેવાની નાની-નાની સ્વતંત્રતા આપવી જોઈએ, જેથી તેનો આત્મવિશ્વાસ વધે.

હસ્તરેખા નહીં, બાળકના ભવિષ્યના ઘડવૈયા શિક્ષક અને વાલી જ છે

બાળકોનું ભવિષ્ય જ્યોતિષીઓની રેખાઓમાં નહીં, પણ શિક્ષકના માર્ગદર્શન અને વાલીઓના પ્રોત્સાહનમાં ઘડાય છે. વર્ગખંડ એ માત્ર ચાર દીવાલો નથી, પણ આવતીકાલના દેશનું ગર્ભગૃહ છે.

જો શિક્ષક અને વાલી સાથે મળીને માત્ર ’પોપટપંથી’ જ્ઞાન પીરસવાને બદલે તાર્કિકતા, સંવેદનશીલતા અને નૈતિક મૂલ્યોનું સિંચન કરે, તો સમાજને માત્ર ’રોજગાર મેળવતા કર્મચારીઓ’ નહીં, પણ નવા વૈજ્ઞાનિકો, સંશોધકો, કવિઓ અને સમાજને નવી દિશા આપનારા સજ્જન નેતાઓ પ્રાપ્ત થાય છે.

આવો, શિક્ષક અને વાલીઓ ભેગા મળીને શિક્ષણને ’અક્ષર જ્ઞાન’ની મર્યાદામાંથી બહાર લાવી ’વિચાર જ્ઞાન’નો વટવૃક્ષ બનાવીએ.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પરિપક્વતા એટલે શું? સંબંધમાં તકરારથી સમજણ સુધીની સફર...

## સાચો પ્રેમ વિવાદથી નહીં, સંવાદથી ટકે છે

જે સંબંધમાં અહંકાર જીતે છે ત્યાં હંમેશાં પ્રેમની હાર થાય છે; પરિપક્વતા એ છે જ્યાં વ્યક્તિ સાચી સાબિત થવા કરતાં સંબંધ સાચવવાનું વધુ પસંદ કરે છે.

કોઈપણ માનવીય સંબંધ કાચના પાત્ર જેવો હોય છે જો હાથમાંથી છૂટી જાય તો તૂટી જાય, અને જો કડક મુઠ્ઠીમાં પકડો તો અંદરથી ચિરાઈ જાય. સામાન્ય રીતે લોકો માને છે કે ઝઘડા વગરનો સંબંધ એટલે શ્રેષ્ઠ સંબંધ. વાસ્તવમાં આ વિચાર જ કાચો છે. બે અલગ વ્યક્તિત્વ, બે અલગ ઉછેર અને બે અલગ મગજ જ્યારે એક છત નીચે કે એક લાગણીના તાંતણે બંધાય, ત્યારે ઘર્ષણ થવું કુદરતી છે. સવાલ ઘર્ષણનો નથી, પણ એ ઘર્ષણમાંથી તણખો પ્રગટાવીને ઘર બાળવું છે કે અંધારામાં સમજણનો દીવો કરવો છે એ નિર્ણયનું નામ પરિપક્વતા છે.

ચાલો સમજીએ તકરાર વખતે થતી ઘાતક ભૂલો અને પરિપક્વતાનો માર્ગ.

પહેલી ભૂલ સમસ્યા પર નહીં, પણ વ્યક્તિના અસ્તિત્વ પર વાર કરવો એ

અપરિપક્વ વ્યક્તિ જ્યારે બોલાચાલી થાય ત્યારે મુદ્દાને ભૂલીને સામેવાળાની ખામીઓ, તેના ઉછેર કે તેના પરિવાર પર પ્રહારો શરૂ કરીદે છે. ‘તમે તો આવા જ છો‘, ‘તારામાં ક્યારેય અક્કલ નહીં આવે‘ આવા શબ્દો લોખંડની તલવાર કરતાં પણ ઊંડો ઘા કરે છે.

જ્યારે પરિપક્વ વ્યક્તિ ક્યારેય સાથી સામે નથી લડતી, એ હંમેશાં સમસ્યા સામે લડે છે. બોલતી વખતે એટલી સભાનતા રાખે છે કે ગુસ્સો પરિસ્થિતિ સામે છે, એ વ્યક્તિ સામે નહીં જેની સાથે આખી જિંદગી વિતાવવી છે.

બીજી ભૂલ ભૂતકાળનું કબ્રસ્તાન ખોતરવાની આદત

અપરિપક્વ વ્યક્તિ વાત આજના મોડા આવવાની હોય, પણ યાદી પાંચ વર્ષ પહેલાં થયેલી ભૂલ સુધી ખેંચાઈ જાય. જૂના ઘાવને વારંવાર ખોતરીને તાજા રાખવા એ સંબંધ માટે ધીમું ઝેર છે.

પરિપક્વ વ્યક્તિ જે વિષય વર્તમાનનો છે,



ચર્ચા માત્ર તેની જ થાય. ભૂતકાળને ભૂલી જવો એ નબળાઈ નથી, પણ સંબંધને આગળ ધપાવવા માટે જરૂરી મુક્તિ છે.

ત્રીજી ભૂલ સાંભળવાનું નાટક અને વળતા હુમલાની તૈયારી

અપરિપક્વ વ્યક્તિ સામેની વ્યક્તિ જ્યારે બોલતી હોય ત્યારે તેના શબ્દોનો અર્થ સમજવાને બદલે માત્ર એ વિચારવું કે ‘હું એવો કયો તર્ક આપું કે એનું મોં બંધ થઈ જાય.‘ આ વલણ અદાલતનું છે, સંબંધનું નહીં.

જ્યારે પરિપક્વ પરિપક્વ વ્યક્તિ મૌન રહીને સામેવાળાના દર્દને સાંભળે છે ઘણીવાર લોકો ગુસ્સો નથી કરતા હોતા, પણ પોતાની અણસમજાયેલી લાગણીઓની ચીસ પાડતા હોય છે. એ ચીસ પાછળનો પ્રેમ ઓળખી લેવો એ જ સાચી પરિપક્વતા છે.

કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન અને શ્રીકૃષ્ણ વચ્ચે પણ સંવાદ થયો હતો. અર્જુન સંપૂર્ણ વિષાદમાં હતો, તે હથિયારો મૂકી ચૂક્યો હતો અને તેના પ્રશ્નો તીખા હતા. કૃષ્ણ ઈચ્છત તો પોતાના સર્વોચ્ચ અધિકાર કે જ્ઞાનના જોરે અર્જુનને એક જ ક્ષણમાં ચૂપ કરાવી શક્યા હોત. પણ તેમણે અર્જુનને ધૈર્યથી સાંભળ્યો, તેના મનની દરેક મૂંઝવણને સ્થાન આપ્યું અને પછી પ્રેમપૂર્વક ઉત્તર આપ્યો.

બીજી તરફ દુર્યોધન અને કર્ણનો સંબંધ જુઓ ત્યાં માત્ર એકબીજાના અહંકારને પોષવામાં આવ્યો, ક્યારેય કડવું પણ સાચું સત્ય સ્વીકારવાની પરિપક્વતા ન દાખવી, અને પરિણામે સર્વનાશ થયો.

આજના સંસારમાં પણ આ જ સ્થિતિ છે. જો સંબંધમાં એક વ્યક્તિ શ્રીકૃષ્ણ જેવી ધીરજ દાખવી સામેવાળાના ઉકળાટને શાંતિથી સાંભળી લે, તો સંબંધ ક્યારેય મહાભારતનું રણમેદાન નથી બનતો.

જીતવાનો લોભ જ સંબંધોનો કાળ છે દરેક દલીલના અંતે બે જ રસ્તા હોય છે.

એક તમે સાચા સાબિત થાઓ અને સામેની વ્યક્તિ હારી જાય.

બીજો તમે દલીલ છોડી દો અને સંબંધ જીતી જાય.

યાદ રાખો, તમે જેને પ્રેમ કરો છો તેને હરાવીને મેળવેલી જીત વાસ્તવમાં તમારી સૌથી મોટી હાર હોય છે. કારણ કે જ્યારે તમે અહંકારથી જીતો છો, ત્યારે સામેવાળાના દિલમાં થોડો પ્રેમ મરી જાય છે. સંબંધોમાં તણાવ આવે ત્યારે રૂમમાંથી બહાર નીકળી જવું એ પલાયનવાદ નથી, પણ અગ્નિમાં વધુ ઘી ન હોમવાની બુદ્ધિ છે.

જ્યારે તમે કોઈ વ્યક્તિને માફ કરો છો અથવા દલીલ વચ્ચે અટકીને પાણીનો ગ્લાસ ધરો છો, ત્યારે તમે નાના નથી થતા; તમે એ સાબિત કરો છો કે તમારા માટે તમારો અહંકાર નહીં, પણ એ વ્યક્તિનું અસ્તિત્વ વધુ કિંમતી છે. તકરારથી શરૂ થઈને સમજણના ઓવારા સુધી પહોંચવું એ જ જિંદગીની સૌથી મોટી સિદ્ધિ છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# ફ્રાન્સના એફિલ ટાવર પર BAPS સ્વામિનારાયણ સંસ્થાના સાધુઓની મુલાકાત સમયે મહિલાઓને દૂર કરાતાં આંતરરાષ્ટ્રીય વિવાદ

## 'BAPSએ પશ્ચિમી દેશો સામે હિંદૂફોબિયાને થાળીમાં પીરસી દીધું' - સોશિયલ મીડિયા પર આકરો આક્રોશ!

અમદાવાદ / પેરિસ



વિશ્વ વિખ્યાત ફ્રાન્સના પેરિસ સ્થિત એફિલ ટાવર ખાતે BAPS (બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ) સંસ્થાના સાધુઓની મુલાકાત દરમિયાન સર્જાયેલા એક ચોંકાવનારા વિવાદે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચા જગાવી છે. એફિલ ટાવર જેવા વૈશ્વિક અને જાહેર પ્રવાસન સ્થળે BAPSના સાધુઓની હાજરી સમયે મહિલાઓને દૂર ખસેડવામાં આવી હોવાના અહેવાલો અને વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. આ ઘટનાને પગલે વિદેશમાં વસતા ભારતીયો અને પ્રબુદ્ધ વર્ગ દ્વારા BAPS સંસ્થાની આકરી ટીકા કરવામાં આવી રહી છે.

### શું હતો સમગ્ર બનાવ?

પ્રાપ્ત વિગતો અનુસાર, BAPS સંસ્થાના કેટલાક ઉચ્ચ સાધુ ભગવંતો પેરિસના એફિલ ટાવરની મુલાકાતે ગયા હતા. સંસ્થાના સાધુઓના ’સ્ત્રી સ્પર્શ અને નિયમ-મર્યાદા’ના આંતરિક નિયમોનું પાલન કરાવવા માટે ત્યાં હાજર સિક્યોરિટી કે સ્વયંસેવકો દ્વારા જાહેર સ્થળ પર ઉપસ્થિત મહિલાઓને સાધુઓથી દૂર રહેવા અને રસ્તો ખાલી કરવા જણાવવામાં આવ્યું હતું. સાર્વજનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ પર મહિલાઓ સાથે કરવામાં આવેલા આ પ્રકારના વર્તનનો વિડીયો વાયરલ થતાં જ વિવાદનો વંટોળ ઊભો થયો હતો.

### 'BAPSએ પશ્ચિમી દેશો સામે હિંદૂફોબિયાને થાળીમાં પીરસી દીધું'

આ ઘટના બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર દેશ અને વિદેશના ભારતીયોએ BAPS સંસ્થા સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. અનેક વિશ્લેષકો અને સોશિયલ મીડિયા યુઝર્સે આકરા શબ્દોમાં લખ્યું હતું કે, ‘BAPSના સંકુચિત નિયમોને કારણે પશ્ચિમી દેશોમાં હિંદુ ધર્મ અને સનાતન સંસ્કૃતિની ખોટી છાપ ઊભી થઈ રહી છે. પશ્ચિમી વિવેચકો જે હિંદૂફોબિયા (Hindufobia) ફેલાવે છે, તેને BAPS સંસ્થાએ પોતાના આ વર્તનથી થાળીમાં પીરસીને સાચું સાબિત કરી આપ્યું છે.‘

લોકોએ એવો પણ સવાલ ઉઠાવ્યો હતો કે: જો સંસ્થાના સાધુઓને જાહેર સ્થળો પર મહિલાઓની હાજરીથી પોતાના નિયમો તૂટવાનો ભય હોય, તો તેમણે એફિલ ટાવર જેવા અતિ વ્યસ્ત જાહેર સ્થળોએ જવું જ ન જોઈએ. અન્ય દેશોના જાહેર સ્થળો પર પોતાના ધાર્મિક કે સંપ્રદાયિક નિયમો સામાન્ય જનતા અને વિશેષ કરીને મહિલાઓ પર લાદવા તે કેટલે અંશે યોગ્ય છે?


### વૈશ્વિક સ્તરે હિંદુ સમુદાયની છબીને ફટકો

વિદેશમાં રહેતા ભારતીય સમુદાયના લોકોનું માનવું છે કે આવી ઘટનાઓથી વિદેશી મીડિયા અને નાગરિકોમાં હિંદુ ધર્મ પ્રત્યે નકારાત્મક સંદેશ જાય છે. વિદેશીઓ આને સમગ્ર હિંદુ સંસ્કૃતિના દ્રષ્ટિકોણ તરીકે જોવાની ભૂલ કરી બેસે છે, જ્યારે વાસ્તવમાં આ માત્ર એક ચોક્કસ સંપ્રદાયના પોતાના કડક આંતરિક નિયમો છે.

# એસિડ હુમલાનો ભોગ બનેલી મહેસાણાની દીકરી કાજલ પ્રજાપતિએ રચ્યો ઈતિહાસ: એક જ વર્ષમાં 2-2 સરકારી ભરતી પરીક્ષાઓ પાસ કરી બની ડેપ્યુટી મામલતદાર!

## 20થી વધુ સર્જરી, એક આંખની રોશની ગુમાવી અને મોંઘા કોચિંગ વગર રોજના 10 કલાક મહેનત કરીને ગરીબ રિક્ષાચાલકની પુત્રીએ સમાજ સામે સ્થાપિત કરી મિશાલ

મહેસાણા



કહેવાય છે કે ‘મન હોય તો માળવે જવાય‘ અને જો બુલંદ હોસલા હોય તો ગમે તેવી વિપરીત પરિસ્થિતિ પણ ઘૂંટણ ટેકવી દે છે. આ ઉક્તિને સાર્થક કરી બતાવી છે મહેસાણા જિલ્લાના રામોસણા ગામની ૨૮ વર્ષીય જાંબાઝ દીકરી કાજલ પ્રજાપતિએ. ૧૦ વર્ષ પહેલાં પોતાની સાથે થયેલા ક્રૂર એસિડ હુમલાની વેદના અને ૨૦થી વધુ સર્જરીઓના અસહ્ય દર્દમાંથી પસાર થયા પછી પણ હિંમત હાર્યા વગર કાજલે એક જ વર્ષમાં તલાટી-કમ-મંત્રી અને ત્યારબાદ ડેપ્યુટી મામલતદાર જેવી બે-બે વર્ગ-૩ની કઠિન સરકારી ભરતી પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરીને પોતાની આયર્ન લેડી હોવાની છાપ ઊભી કરી છે.

### પ્રેમનો પ્રસ્તાવ ફગાવતા થયો હતો ઘાતકી એસિડ હુમલો

બનાવની વિગત મુજબ, જ્યારે કાજલ માત્ર ૧૮ વર્ષની હતી અને BComના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી, ત્યારે એક યુવકે તેની સામે પ્રેમનો પ્રસ્તાવ મૂક્યો હતો. કાજલે ભણતર પર ધ્યાન આપવા માટે આ પ્રસ્તાવ ફગાવી દેતાં વિકૃત માનસિકતા ધરાવતા સિરફિરા યુવકે તેના પર એસિડ ફેંકી દીધું હતું. આ કાળજું કંપાવી દેનારા હુમલામાં કાજલે પોતાની એક આંખની રોશની સંપૂર્ણપણે ગુમાવી દીધી હતી જ્યારે બીજી આંખે પણ ઝાંખપ આવી ગઈ હતી. ચહેરાને ફરી સામાન્ય કરવા માટે તેના પર ૨૦થી વધુ જટિલ શસ્ત્રક્રિયાઓ (સર્જરીઓ) કરવામાં આવી હતી.

### મોંઘા ક્લાસીસ વગર સરકારી લાઈબ્રેરીમાં આકરી તપસ્યા

આર્થિક રીતે સામાન્ય એવા રિક્ષાચાલક પિતાની પુત્રી કાજલ માટે સારવારનો ખર્ચ જ પહોંચી વળવો મુશ્કેલ હતો. મોંઘા ખાનગી કોચિંગ ક્લાસ કે પ્રાઈવેટ લાઈબ્રેરીની ફી પરવડે તેમ ન હોવાથી, કાજલે હિંમત હાર્યા વિના મહેસાણાની જિલ્લા પંચાયત લાઈબ્રેરીને જ પોતાનું મંદિર બનાવી દીધું હતું. કોઈપણ માર્ગદર્શન વગર રોજના ૮થી ૧૦ કલાક સતત વાંચન અને સખત પરિશ્રમ કરીને તેણે પોતાની ક્ષમતા સાબિત કરી બતાવી.

### રૂ. 49,600ના પગારવાળી 'ડેપ્યુટી મામલતદાર'ની પોસ્ટ પસંદ કરી

કાજલે સૌપ્રથમ સ્પર્ધાત્મક પરીક્ષા આપીને ’તલાટી-કમ-મંત્રી’ની પરીક્ષા પાસ કરી હતી. પરંતુ તેની મહેનત ત્યાં જ અટકી નહોતી. ત્યારબાદ તેણે મહેસૂલ વિભાગ હેઠળની વર્ગ-૩ની પ્રતિષ્ઠિત ’ડેપ્યુટી મામલતદાર’ની પરીક્ષા પણ સફળતાપૂર્વક ક્રેક કરી લીધી હતી. બંને સફળતામાંથી કાજલે રૂ. ૪૯,૬૦૦ના માસિક વેતનવાળી અને વધુ જવાબદારી ધરાવતી ડેપ્યુટી મામલતદારની પ્રેસ્ટીજિયસ પોઝિશન પસંદ કરી છે.

### લાચારી નહીં, સ્વાભિમાનથી જીવવાની પ્રેરણા આપી

કાજલનું કહેવું છે કે, ‘હું લોકોની દયાપાત્ર બનવા માંગતી નહોતી, પણ આત્મનિર્ભર બનીને સમાજમાં સ્વાભિમાનથી જીવવા માગતી હતી. લોકો મારા ચહેરાને જોઈને શું વિચારશે તેની પરવા કર્યા વગર મેં ચહેરો ઢાંકવાનું બંધ કર્યું અને મારી લડાઈ જાતે લડી.‘ પોતાની આ અદ્ભુત સિદ્ધિથી કાજલ આજે દેશભરની તમામ પીડિત મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટે એક જીવંત પ્રેરણામૂર્તિ અને સમાજ માટે નવો રાહ ચિંધનારૂ ઉત્કૃષ્ટ ઉદાહરણ બની ગઈ છે.

# ગરીબોના અન્નનો કોળિયો છીનવતા અનાજ માફિયાઓ બેફામ

## સરકારી ગોડાઉનોથી ફ્લોર મિલ સુધી કરોડોના અનાજનો કાળો કારોબાર!

અમદાવાદ

ગરીબો, વંચિતો અને મધ્યમ વર્ગના મુખમાંથી અન્નનો કોળિયો છીનવીને પોતાના ખિસ્સા ભરતા અનાજ માફિયાઓ સામે હવે પ્રજાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં સરકારી ગોડાઉનોમાંથી ગરીબો માટે આવતું રેશનિંગનું અનાજ બારોબાર ખાનગી ફ્લોર મિલો (ઘંટીઓ) સુધી પહોંચાડી દેવાનું

### અમદાવાદમાં રેશનિંગ દુકાનદારો અને માફિયાઓની મિલીભગતથી કરોડોનું અનાજ બારોબાર સગેવગે, ગાંધીનગરના અધિકારીઓની રહસ્યમય ચૂપકીદી સામે જનઆક્રોશ ચરમસીમાએ

કરોડો રૂપિયાનું કૌભાંડ ખુલ્લેઆમ ચાલી રહ્યું છે. સરકારી ચોપડે ગરીબોને અનાજ પહોંચાડવાના મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે દર મહિને કરોડો રૂપિયાનું સરકારી અનાજ માફિયાઓ અને ભ્રષ્ટ રેશનિંગ દુકાનદારોની મિલીભગતથી કાળા બજારમાં વેચાઈ રહ્યું છે.

### સરકારી અનાજ વિતરણમાં કાપ અને માફિયાઓ બેફામ

એક તરફ સરકાર દ્વારા સામાન્ય અને ગરીબ નાગરિકો માટેના અનાજ વિતરણના જથ્થામાં અચાનક ભારે ઘટાડો કરી દેવામાં આવ્યો છે, જેના કારણે ગરીબ પરિવાર કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા પછી પણ ખાલી હાથે ઘરે પાછા ફરવા મજબૂર બન્યા છે. તો બીજી તરફ અનાજ માફિયાઓ કોઈ પણ ડર વગર બેફામ બનીને ગરીબોના હકનું અનાજ બારોબાર વેચી રહ્યા છે. રેશનિંગ દુકાનદારો ગ્રાહકોને ‘જથ્થો આવ્યો નથી‘ અથવા ‘ઓછો આવ્યો છે‘ તેવા બહાના બતાવીને કાળા બજારનો કાળો કારોબાર ધમધમાટ ચલાવી રહ્યા છે.

### ગાંધીનગરમાં બેઠેલા જવાબદાર અધિકારીઓ સામે ક્યારે થશે કડક કાર્યવાહી?

આટલું મોટું અને સુઆયોજિત કૌભાંડ સ્થાનિક સ્તરથી લઈને ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓની અણધારી ચૂપકીદી વગર શક્ય જ નથી. પ્રજામાં હવે સળગતો પ્રશ્ન ઊભો થયો છે કે:

શું ગાંધીનગરના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ આ કૌભાંડથી અજાણ છે?

કરોડો રૂપિયાના સરકારી અનાજની ચોરી થતી હોવા છતાં અત્યાર સુધી કોઈ મોટા અનાજ માફિયા કે અધિકારી પર કડક રાષ્ટ્રીય સુરક્ષા કે પાસા હેઠળ કાર્યવાહી કેમ કરવામાં આવી નથી?

### કાળો કારોબાર ચલાવતી ફ્લોર મિલો પર દરોડા પાડીને તેમને સીલ કેમ કરવામાં આવતી નથી?

આગામી વિધાનસભા ચૂંટણીમાં સત્તાધારી પક્ષને ભોગવવો પડશે ભારે અણધારો પ્રભાવ!

ગરીબ જનતાના પેટ પર લાત મારીને ચલાવવામાં આવતા આ કાળા કારોબાર સામે જો સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે કડક અને દાખલારૂપ કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં ગાંધીનગર સુધી ઉપવાસ અને આક્રમક જન-આંદોલન કરવાની સ્પષ્ટ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ગરીબોના આક્રોશનો જ્વાળામુખી આવનારી વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી પક્ષ માટે અત્યંત ભારી પડી શકે છે અને રાજકીય સમીકરણો બગાડી શકે તેમ છે. હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું તંત્ર ક્યારે જાગે છે અને અનાજ ચોરો પર ક્યારે કાયદાનો કોરડો વિંઝાય છે!



# બોડેલી તાલુકા સરપંચ સંઘ દ્વારા 16મા નાણા પંચની નવી ગાઈડલાઈન સામે વિરોધનો સૂર!



## નવી ગાઈડલાઈનથી પંચાયતોના અધિકારો સીમિત થતા હોવાનો અને વિકાસ કામો ખોરવાવાનો સરપંચોનો આક્ષેપ

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં સરપંચ સંઘ દ્વારા સરકારના ૧૬મા નાણાપંચની નવી ગાઈડલાઈન સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. બોડેલી તાલુકા સરપંચ સંઘના પ્રમુખ ભગત ચિરાગકુમાર મુકેશભાઈ (વાલપરી જુથ ગ્રામ પંચાયત) ની આગેવાની હેઠળ તમામ સરપંચો દ્વારા જિલ્લા વિકાસ અધિકારી (DDO), છોટાઉદેપુરને એક આવેદનપત્ર પાઠવીને નવી ગાઈડલાઈનમાં તાત્કાલિક સુધારો કરવાની માગણી કરવામાં આવી છે. સરકાર ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તાજેતરમાં ૧૬મા નાણાપંચ અંગે નવો ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. આ નવા નિયમો મુજબ ૧૬મા નાણાપંચની ગ્રાન્ટમાંથી તાલુકા અને જિલ્લા કક્ષાના આયોજનમાં ફરજિયાતપણે રૂ. 6 લાખથી વધુના જ કામો લેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સરપંચ સંઘનો આક્ષેપ છે કે, ગામડાઓમાં રૂ. 5 લાખથી વધુ રકમના કામો માટે ટેન્ડર પ્રક્રિયા કરવી ફરજિયાત હોય છે. આ નવી નીતિના કારણે આયોજન અને વિકાસ કામોની પ્રક્રિયા અત્યંત લાંબી થઈ જશે, જેનાથી ગામડાના સ્થાનિક અને જરૂરી કામો સમયમર્યાદામાં પૂર્ણ નહીં થઈ શકે. એટલું જ નહીં, ગ્રામ પંચાયતોના અધિકારો પણ સીમિત થઈ જશે અને કામોની ગુણવત્તા પણ નબળી પડવાની ભીતિ છે.

બોડેલી સરપંચ સંઘે સંયુક્તપણે આવેદનપત્રમાં મુખ્યત્વે નીચે મુજબની માંગણીઓ રજૂ કરી છે. જ્યારે તાલુકા અને જિલ્લા સમિતિના આયોજન માટે ૧૫મા નાણાપંચ મુજબની ગાઈડલાઈન જ જાળવી રાખવામાં આવે. અને હાલમાં ગ્રામ પંચાયતની કામ કરવાની સત્તા મર્યાદા રૂ. ૫ લાખ છે, જેને વધારીને રૂ. ૧૦. લાખ સુધીની કરવામાં આવે, જેથી ટેન્ડર પ્રક્રિયાનો ખર્ચ અને લાંબો સમય બચાવી શકાય તેમજ નાના-મોટા વિકાસ કામો ઝડપથી પૂર્ણ થઈ શકે. જેની સાથે ગામડાના આંતરિક માર્ગો અને પાવર બ્લોક પાછળ ખર્ચ કરવાની અનટાઈડ ગ્રાન્ટની ૨૦%ની મર્યાદા રદ્દ કરવામાં આવે.

'નવા ઠરાવના કારણે ગામડાનો વિકાસ અટકી જશે અને પંચાયતોની સત્તા છીનવાઈ રહી છે. જો સરકાર ગ્રામ પંચાયતની સત્તા મર્યાદા રૂ. ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરી દે અથવા ૧૫મા નાણાપંચ મુજબના જૂના નિયમો જ રાખે, તો જ ગામડાઓમાં ઝડપી અને ગુણવત્તાસભર વિકાસ કામો થઈ શકશે.'

# છોટાઉદેપુરમાં એન્ટી ડ્રગ અવેરનેસ કાર્યક્રમ યોજાયો

## છોટાઉદેપુરની SF હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને નશાના દુષણથી દૂર રહેવા અંગે જાગૃતિ અપાઈ

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર શહેરની SF હાઈસ્કૂલ ખાતે Anti Narcotics Task Force (ANTF), વડોદરા ઝોન અને ગુજરાત પોલીસ દ્વારા એન્ટી-ડ્રગ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને નશીલા પદાર્થોના સેવનથી થતા નુકસાન, નશાની લતથી જીવન અને પરિવાર પર થતી ગંભીર અસરો તેમજ યુવાનોને નશાથી દૂર રાખવાના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ જાગૃતિ કાર્યક્રમમાં PSI J.P. Mevada અને ASI N.K. Damor દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી નશામુક્ત જીવન જીવવા માટે સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને નશીલા પદાર્થોથી દૂર રહેવા તેમજ અન્ય લોકોને પણ નશામુક્ત જીવન તરફ પ્રેરિત કરવા અપીલ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન "Say No to Drugs, Say Yes to Life" અને "Don't let Drugs win - Keep your life Clean" જેવા સંદેશાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નશા વિરોધી જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

ગુજરાત પોલીસ દ્વારા નશા વિરોધી અભિયાન અંતર્ગત હેલ્પલાઈન 1908, WhatsApp નંબર 9904001908 તથા MANAS હેલ્પલાઈન 1933 અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

નશામુક્ત યુવા અને નશામુક્ત સમાજના નિર્માણ માટે આવા જાગૃતિ કાર્યક્રમો મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

### મહેસુલના પોર્ટલ ઠપ્પ થતાં ખેડૂતો પરેશાન!

# 7/12 અને 8-અના ઉતારા ન મળતા લોન-સોલારના કામ અટવાયા

## ઈ-ધરા, આઈઓરા અને અન્ય પોર્ટલમાં ટેકનિકલ ખામી; રાજ્ય ડેટા સેન્ટર અને એનઆઈસીની ટીમો નિરાકરણમાં લાગી, 10 સપ્ટેમ્બર સુધી સેવાઓ પ્રભાવિત રહેવાની શક્યતા

**સાધલી, હસમુખ પટેલ**

મહેસુલ વિભાગની અગાઉ ઈ ધરા આયોરા એનીરોર પોર્ટલના ટેકનોલોજીકલ અપગ્રેડેશન ની કામગીરી ના કારણે તારીખ 3 સપ્ટેમ્બર થી તારીખ 6 સપ્ટેમ્બર દરમિયાન આ સંબંધિત સેવાઓ બંધ રાખવામાં આવી હતી અને તે પુનઃ કાર્યરત કરવામાં આવેલ હતી.

પરંતુ ત્યારબાદ એકાએક અન અપેક્ષિત ટેકનિકલ સમસ્યા થવાના કારણે ઈ ધરા ,આયોરા અને એનીરોર પોર્ટલની સેવાઓમાં વિક્ષેપ આવેલ છે ,તેના ઝડપી નિરાકરણ માટે પ્રયત્નો ચાલે છે, રાજ્ય ડેટા સેન્ટર અને (એન) કોડ તરફથી ટેકનિકલ, મહેસુલ વિભાગ તથા એનઆઈસી ગુજરાત ની ટીમો કામગીરી કરી રહી છે,છતાં હજુ પણ આશરે 10 સપ્ટેમ્બર 2026 સુધીનો સમય લાગી શકે તેમ છે, તેથી આ પોર્ટલોને લગતી સેવાઓ અંશતઃ અથવા અનિયમિત રીતે પ્રભાવિત થવાની સંભાવના છે. ડિજિટલ યુગમાં ડિજિટલ ની કામગીરી આવી ઓનલાઈન કામગીરી બંધ થવાના કારણે ખેડૂતોને તેનો ભોગ બનવું પડે છે.

શિનોર તાલુકામાં હાલમાં મેઘરાજા રિસાયા છે ,વરસાદ પડતો નથી અને ખેડૂતોને ખેતીની લોન લેવા માટે જરૂરી પુરાવાઓ જેમ કે 7 -12 , 8- અ ના ઉતારા મળતા નથી, અને સોલાર સિસ્ટમ માટે તારીખ 29 સપ્ટેમ્બર સુધીમાં ઓનલાઈન કામગીરી કરવાની હોય છે ,જે પણ આ પોર્ટલો બંધ થવાના કારણે હાલ ઓનલાઈન બંધ થયેલ છે.

આમ છેલ્લા દસ દિવસથી આ પોર્ટલો બંધ હોવાના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. મહેસુલ વિભાગ દ્વારા વહેલામાં વહેલી તકે આ પોર્ટલો ચાલુ કરવામાં આવે એવી શિનોર તાલુકાના ખેડૂતોની માંગ છે.

# શિનોરમાં સેવા સેતુ કાર્યક્રમનો ફિયાસ્કો! પ્રચારના અભાવે પાંચ ગામના લાભાર્થીઓ રહ્યા ગેરહાજર

## 53 પ્રકારની સેવાઓ માટે યોજાયેલા કેમ્પમાં જોવા મળી પાંખી હાજરી; આગામી સાત કાર્યક્રમો સફળ બનાવવા તંત્ર સામે મોટો પડકાર

**સાધલી, હસમુખ પટેલ**

શિનોર સેવાસદન મુકામે પ્રાંત અધિકારી કરજણ દ્વારા જાહેર થયેલ કાર્યક્રમ મુજબ આજરોજ તારીખ 9 સપ્ટેમ્બર 2026 ના રોજ માલસર, શિનોર, માંડવા, દામાપુરા અને સુરાશામળ ગામના લાભાર્થીઓ માટે સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પરંતુ પ્રચાર અને પ્રસાર થયો ના હોવાના કારણે પુરા લાભાર્થીઓ આવી શક્યા ન હતા, જેના કારણે દીપ પ્રાગટ્ય પણ કરવામાં આવ્યું નહોતું. સામાન્ય દિવસોમાં જે રીતના સેવાસદનમાં અરજદારો આવતા હોય છે, તે જ રીતનો માહોલ આજે સેવાસેતું કાર્યક્રમનો જોવા મળ્યો હતો. અને ખૂબ જ પોખીં હાજરી દેખાતી હતી.

સરકાર દ્વારા જાહેર થયેલ સેવા સેતુ 2-1 (ગ્રામ્ય) કાર્યક્રમ મુજબ સરકારની વિવિધ 53 જાતની કામગીરી આ કેમ્પ દરમિયાન કરવાની હોય છે અને વિવિધ વિભાગના 19 અધિકારીઓની હાજરી જરૂરી હોય છે. રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે,તે માટે રાજ્યના પ્રજાજનોને વ્યક્તિગત સેવાઓ તેમના રહેઠાણ ના નજીકના સ્થળે તે જ દિવસે પ્રાપ્ત થઈ શકે તેવા ઉમદા હેતુને સાર્થક કરવા તાલુકો કક્ષાએ સેવા સેતુ નો કાર્યક્રમ યોજવામાં આવે છે. અને મુખ્ય હેતુ સરકાર સુધી નાગરિક ના સ્થાને નાગરિક સુધી સરકાર અભિગમ અપનાવવાનો છે. શિનોર તાલુકામાં આજે સેવાસદન શિનોર મુકામે યોજાયેલ આ કાર્યક્રમ પ્રથમ ગ્રાસે મક્ષીતા જેવો ફારસ રૂપ બનેલ છે અને જાણે કે પુત્રના લક્ષણ પારણામાંથી એ ઉક્તિ અનુસાર તાલુકાના અન્ય સાત સ્થળે ભરાનાર આ સેવા સેતુ કાર્યક્રમ પણ ફારસ રૂપ ના બને તે માટે તંત્ર જાગૃત થાય એ જરૂરી છે. સરકારનો આ કાર્યક્રમ લાભાર્થીઓને યોજનાકીય લાભ આપવા માટે માટે હોવા છતાં પણ ચૂંટાયેલા કોઈપણ રાજકીય પક્ષના પદાધિકારીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા નહોતા.અને તેઓ દ્વારા પ્રજાને આ કાર્યક્રમના લાભોની જાણકારી પણ આપવામાં આવી નહોતી. શિનોર પંચાયત દ્વારા આગલા દિવસે માઈક ફેરવીને કાર્યક્રમની જાહેરાત કરી હતી.

# સુરતના ઇચ્છાપોરમાં 7 લાખના 11 પશુઓની સનસનાટીભરી ચોરી

## પશુચોર ટોળકીના 3 સાગરીતો ગણતરીના દિવસોમાં જ ઝડપાયા!

**સુરત**

સુરત શહેરના ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ભાટપોર ગામમાંથી તસ્કરોએ ખાખીને ખુલ્લો પડકાર ફેંકતી પશુચોરીની ચોંકાવનારી ઘટનાને અંજામ આપ્યો હતો. ગત ૨૬ ઓગસ્ટના રોજ સાંજના સમયે ખુલ્લી જગ્યામાં ચરતા અને બાંધેલા કિંમતી પશુઓ પર ત્રાટકેલી શાતિર ટોળકી કુલ ૯ પાડી અને ૨ ભેંસ મળીને અંદાજે રૂ. ૭ લાખની કિંમતના ૧૧ પશુઓની ચોરી કરીને ફરાર થઈ ગઈ હતી. માલધારી સમાજ અને સ્થાનિકોમાં આ ઘટનાથી ભારે રોષ જોવા મળ્યો હતો.



બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને ઈચ્છાપોર પોલીસ સ્ટેશનની ટીમે તાત્કાલિક અલગ-અલગ ટીમ બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઘટનાસ્થળ અને આસપાસના રસ્તાઓના સીસીટીવી ફૂટેજનું બારીકાઈથી એનાલિસિસ કરવામાં આવ્યું હતું. પોલીસની ટેક્નિકલ ટીમ અને ચોક્કસ માનવ બાતમીદારોના નેટવર્કના આધારે પોલીસે ગણતરીના દિવસોમાં જ પશુચોરીની આ હાઈપ્રોફાઈલ ચોરીનો પર્દાફાશ કરી દીધો છે.

પોલીસે ચોરીની આ ઘટનામાં સંડોવાયેલા ૩ શાતિર આરોપીઓની અટકાયત કરી છે. પ્રકાશ ઉર્ફે પકલો રબારી: ચોરીના આખા પ્લાનિંગનો મુખ્ય સૂત્રધાર. સરતાન ઉર્ફે ભરત અરજણભાઈ રબારી: પ્રકાશ સાથે મળીને પશુઓની ચોરી કરનાર મુખ્ય સાગરીત. આસિફ કુરેશી: ચોરી કરેલા પશુઓ ખરીદનાર કસાઈ/વેપારી. પોલીસની કડક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, પ્રકાશ અને સરતાને ભાટપોર ગામમાંથી પશુઓની ચોરી કર્યા બાદ સસ્તા ભાડામાં આ પશુઓ આસિફ કુરેશીને વેચી માર્યા હતા. ઈચ્છાપોર પોલીસે આરોપીઓ પાસેથી પશુઓના વેચાણ પેટે મેળવેલા રૂ. ૩ લાખની રોકડ રકમ જપ્ત કરી લીધી છે.

# ₹15 હજારના ઇનામી આરોપીને પશ્ચિમ બંગાળથી ઝડપી પાડતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

**અમદાવાદ**

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના ગંગરાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપી જાબીર ઉર્ફે જાબીર સન ઓફ અલીયાબ્બાસ ઈસહાક મોહંમદ સોનકચવાલા સામે પોલીસ અધિક્ષક, ચિત્તોડગઢ દ્વારા રૂપિયા 15 હજારનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. આરોપીને ઝડપી પાડવા અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા સતત તપાસ હાથ ધરવામાં આવી રહી હતી. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમને હ્યુમન સોર્સ અને ટેકનિકલ તપાસના આધારે આરોપી પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાના બાકરા વિસ્તારમાં હોવાની ચોક્કસ માહિતી મળી હતી. માહિતીના આધારે ટીમ પશ્ચિમ બંગાળ પહોંચી હતી અને બાકરા વિસ્તારમાં તપાસ હાથ ધરતાં આરોપી મળી આવ્યો હતો.



પોલીસની પૂછપરછમાં આરોપી રાજસ્થાનના ગંગરાર પોલીસ સ્ટેશનના ગુનામાં ધરપકડથી બચવા માટે અલગ-અલગ સ્થળોએ નાસતો ફરતો હોવાનું સામે આવ્યું હતું. છેલ્લા આશરે ચાર મહિનાથી તે હાવડાના બાકરા વિસ્તારમાં ભાડાના મકાનમાં ઓળખ છુપાવી ચોરીછૂપીથી રહેતો હતો.

### આજથી વધારાનો 2 કલાક વીજ પુરવઠો

# હવે 10 કલાક વીજ પુરવઠાથી મળશે રાહત : ચાણોદ વિભાગમાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતાતુર

**ચાણોદ, મુકેશ ખત્રી**

ચાણોદ વીજ કચેરી સૂત્રોના જણાવ્યા ઉપરથી આવેલા મેસેજ અનુસાર પ્રમાણે આજથી ચાણોદ ખાતે ખેતરના કૂવાના થ્રી ફેઝ એગ્રીકલ્ચર ૮ કલાકની જગ્યાએ ૧૦ કલાક નો વીજ પુરવઠો કરાયો ખેડૂતોમાં આનંદની લહેર.



ડભોઈ તાલુકાના ચાણોદ વિભાગમાં છેલ્લા એક માસથી વરસાદે વિરામ લેતા ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યા છે આકાશમાં વાદળો ની ફોજ પસાર થઈ રહી છે હમણાં વરસાદ વરસ છે તેવું વાતાવરણ પણ સર્જાતું રહેતું હોય પણ વરસાદ હાથ તાળી આપીને જતો રહે છે જેથી ખેડૂતોના ચિંતા નું મોજુ ફરી વળ્યું છે. હાલ ચાણોદ વિભાગમાં મુખ્યત્વે કપાસ તેમજ દિવેલાના પાકનું વાવેતર કરેલ હોય કેળોનું પાક પણ નું વવેતર કરેલ હોય કપાસ માં દવા ખાતર તેમજ પાણી ની જરૂરિયાત હોય હાલ કપાસ નો પાક ઝીંડવા આપવા અવસ્થા ફુલ અવસ્થામાં હોય ખાતર પાણી દવા નો છંટકાવ ની જરૂરિયાત હોય વરસાદ ખેંચાતા બધી પ્રક્રિયા એક સાથે કરવાની થતી હોય જેથી ભારે મહેનત માગી લેતી હોય સાથે ખેડ પાણી વાળવા ઢાળિયા પાળા ચઢાવવા જહેમત ઉઠાવી રહ્યા છે ત્યારે કુવા ઉપર વીજ પુરવઠો ખોરવા તો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે ખેતરમાં બેસી રહેવાનો વારો આવે છે જેથી ખેતરોમાં પાણી નિર્ધારિત કલાકમાં ખેતરોના પાણી પુરા થતા નથી બેવડી મજૂરી નો ખર્ચ ભોગવો પડે છે. ચાણોદ વિભાગમા ચાણોદ જેટકો દ્વારા વીજ પૂરવઠો ખેડૂતોને ૮ કલાક અપાતો હતો તે આજથી 10 કલાક કરવામાં આવ્યો હોવાનું ચાણોદ જેટકો તરફથી જાણવા મળેલ છે ઉપરથી મેસેજ આવેલ હોવાનું જણાવેલ છે જેથી આજથી ખેડૂતોને 10 કલાક વીજ પુરવઠા નો અમલ આવી ગયો હોવાનું જણાવેલ છે જેથી ખેડૂતોને 10 કલાક લાઈટો મળતા ખેતરોમાં પાણી વાળવા જવામાં રાહત મળશે. ખેતરો ના મુરઝાઈ જતા પાક ને બચાવવા મોટી મદદરૂપ થશે.

# 'વૉશરૂમ જવું છે' કહી ટ્રેનમાંથી ઉતરી, 16 વર્ષની બાળકી અપહરણકારોથી છટકી

**ભરૂચ**

સ્કૂલેથી ઘરે જવા રિક્ષામાં બેઠેલી 16 વર્ષની સગીરને રિક્ષાચાલક રસ્તો બદલી ડરાવી-ધમકાવી ટ્રેનમાં બેસાડી મુંબઈ તરફ લઈ જઈ રહ્યો હતો.

ભરૂચ રેલવે સ્ટેશન પહોંચતાં કિશોરીએ હિંમત બતાવી વૉશરૂમ જવાનું બહાનું કાઢ્યું અને ટ્રેનમાંથી ઉતરી પ્લેટફોર્મ નંબર-4 પર એકલી બેસી રહી હતી. આ દરમિયાન રેલવે પોલીસની શી-ટીમની નજર પડતાં તેને સુરક્ષિત રીતે પોલીસ સ્ટેશન લઈ જઈ પૂછપરછ કરવામાં આવી હતી.




પોલીસની પૂછપરછમાં કિશોરીએ સમગ્ર આપવીતી જણાવતાં રિક્ષાથી શરૂ થયેલું અપહરણનું કાવતરું બહાર આવ્યું હતું. પોલીસે તાત્કાલિક સખી વન સ્ટોપ સેન્ટર, ભરૂચનો સંપર્ક કરી બાળકીને સુરક્ષિત આશ્રય અને કાઉન્સેલિંગ માટે મોકલી હતી. સેન્ટર દ્વારા તેને રહેવા-જમવા સાથે જરૂરી માનસિક સાંત્વના આપવામાં આવી હતી.

દરમિયાન રેલવે પોલીસ અને સખી સેન્ટરના સંયુક્ત પ્રયાસોથી બાળકીના પિતાનો સંપર્ક થતાં વધુ ચોંકાવનારી હકીકત બહાર આવી હતી. બાળકીના અપહરણ અંગે ઉત્તર પ્રદેશના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અગાઉથી જ ગુનો નોંધાયેલો હોવાનું જાણવા મળ્યું હતું.

બાળકી ભરૂચમાં સુરક્ષિત મળી હોવાની જાણ થતાં તેના પિતા તથા ઉત્તર પ્રદેશ પોલીસના કર્મચારીઓ તેને પરત લઈ જવા રોડ માર્ગે ભરૂચ આવવા રવાના થયા છે. શી-ટીમની એક સતર્ક નજર અને સગીરની હિંમતથી મુંબઈ લઈ જવાતી બાળકી વધુ ગંભીર ગુનાનો ભોગ બનતા બચી ગઈ છે.

# બંદૂક બતાવી લૂંટ કરનાર આરોપી ઝડપાયો : કર્ણાટક હત્યા કેસમાં પણ વોન્ટેડ

**વલસાડ**

ઉમરગામના ફણસા ખાતે રાત્રિના સમયે ઘરમાં ઘૂસી બંદૂક જેવા હથિયાર બતાવી રૂ.1.52 લાખની લૂંટ કરનાર આરોપીને વલસાડ જિલ્લા LCBએ ઝડપી પાડ્યો છે. દિનેશ ઉર્ફે રૂદ્રશંકર ઉર્ફે સંતોષ સોનકર (ઉં.વ.32)ને બાતમીના આધારે વસઈ ઈસ્ટ, મુંબઈથી ઝડપી પાડવામાં આવ્યો હતો. કાર્યવાહી બાદ આરોપીને વધુ તપાસ માટે ઉમરગામ મરીન પોલીસને સોંપવામાં આવ્યો છે.



પોલીસના જણાવ્યા મુજબ, ગત 30 જાન્યુઆરીએ ફણસા, ઉમરગામ ખાતે ત્રણ અજાણ્યા શખ્સોએ રાત્રે ઘરમાં ઘૂસી પરિવારને ઉંઘમાંથી જગાડ્યો હતો. બંદૂક જેવા હથિયાર બતાવી હિન્દીમાં ધમકાવી ફરિયાદીનો હાથ મરડી તેની તથા પુત્રીઓના સોનાના દાગીના, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.1.52 લાખની લૂંટ કરી આરોપીઓ ફરાર થયા હતા.

પૂછપરછ દરમિયાન દિનેશે કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું કે આશરે સાત મહિના અગાઉ તે સહઆરોપીઓ સાથે કારમાં ભિલાડ હાઈવે પર આવ્યો હતો. ભિલાડ ખાતે અગાઉ ઝડપાયેલા વિવેક ઉર્ફે જીગુ જયંતીભાઈ આહીર અને અનીમેશકુમાર ઉર્ફે લાલુ ભુપેન્દ્રભાઈ પટેલને મળ્યા બાદ તમામે ભેગા મળી ફણસા ખાતે લૂંટને અંજામ આપ્યો હતો.

આરોપી સામે માત્ર ઉમરગામની લૂંટ જ નહીં, પરંતુ કર્ણાટકના ઉડુપી જિલ્લાના સીરવા પોલીસ સ્ટેશનના હત્યા કેસમાં પણ સંડોવણી સામે આવી છે.

7 ઓગસ્ટ 2026ના રોજ મુદુરંગડીના સેન્ટ ઝેવિયર્સ ચર્ચ નજીક સ્થાનિક નેતા ડેવિડ ડીસુઝા પર ફાયરિંગ કરી હત્યા કરવામાં આવી હતી. આ કોન્ટ્રાક્ટ કિલિંગ કેસમાં પણ દિનેશ વોન્ટેડ હોવાનું સામે આવતાં વલસાડ LCBની કાર્યવાહીએ ગંભીર ગુનાની વધુ એક કડી ખોલી છે.



### ઈન્ડસ્ટ્રીમાં દરેક એક્ટરનું રિપ્લેસમેન્ટ છે જઃ તાપસી

# તાપસી પન્નુએ ખોલી બોલીવુડની પોલ: માત્ર ટેલેન્ટથી નથી મળતું કામ...

મુંબઇ

બોલીવુડમાં હંમેશાં ચર્ચામાં રહેનારી એક્ટ્રેસ તાપસી પન્નુની ફિલ્મ 'ગાંધારી' ઓટીટી પર રિલીઝ કરી દેવામાં આવી છે. હાલમાં ફિલ્મ પ્લેટફોર્મ પર સ્ટ્રિમ કરી રહી છે. આ ફિલ્મને લઈ તાપસી ચર્ચામાં છે. તાપસીએ બોલીવુડમાં કામ મળવાને લઈને જે વાત કહી એના પર જોરશોરથી ચર્ચા થઈ રહી છે. પોતાની એક ખાસ મુલાકાતમાં તાપસીએ બોલીવુડની એ ડાર્ક સાઈડ ખોલી જે જાણીને લોકો વિચાર કરતા થઈ ગયા છે. ખાસ કરીને યુવતીઓ માટે આ ઈન્ડસ્ટ્રીમાં કામ સિવાય પણ શું હોવું જોઈએ એને લઈને એક્ટ્રેસે ઈશારો કર્યો છે. આ સિવાય તાપસી કઈ વાતને આજ દિવસ સુધી ફોલો કરે છે એ અંગે પણ દિલ ખોલીને ખુલાસો કર્યો છે. તાપસીએ કહ્યું હતું કે, ઈન્ડસ્ટ્રમાં દરેક એક્ટરનું રિપ્લેસમેન્ટ છે જ. કોઈ પણ પાત્ર માટે કોઈ પણ એક્ટર કોઈની પણ જગ્યા લઈ શકે છે. એક્ટર જે તે પાત્રને અલગ અલગ રીતે ભજવી શકે છે. મેઈનસ્ટ્રીમ અને કમર્શિયલ ફિલ્મમાં મહિલાના પાત્ર એવા હોય છે જેને કોઈપણ વ્યક્તિ કરી શકે છે. એવામાં આ પાત્રને પ્લે કરવા માટે માત્ર ટેલેન્ટની જરૂર નથી, પણ માર્કેટ વેલ્યુ, વિઝિબિલિટી, કોન્ટેક્ટ અને તમારી અવેલેબિલિટી કેટલી છે એના પર બધો આધાર છે. બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં આ વસ્તુઓ ખૂબ જ મેટર કરે છે. આ મામલે હું ખૂબ જ પાછળ છું, મને કામ માત્ર મારા ટેલેન્ટ પર જ મળે છે. 'ડંકી' ફિલ્મ મને મારી ટેલેન્ટ પર જ મળી છે. રાજકુમાર હિરાણીએ મારૂ કામ જોયું પછી મારા કામના આધાર પર મને કાસ્ટ કરી. કર્મશિયલ ફિલ્મ હોય ત્યારે મહિલાઓના પાત્ર એટલા ખાસ નથી હોતા. એનાથી કોઈ ફેર પડતો નથી કે કઈ એક્ટ્રેસ ક્યો રોલ પ્લે કરી રહી છે. આજે મેકર્સ ફિલ્મના બજેટ અનુસાર જે તે આર્ટિસ્ટને સાઈન કરે છે. આ માટે માર્કેટ વેલ્યૂ જેવી વસ્તુ કામ કરે છે. મેઈનસ્ટ્રિમ ફિલ્મમાં માત્ર ટેલેન્ટના આધાર પર એક્ટ્રેસની પસંદી ખૂબ જ ઓછી થાય છે. રાજુ હિરાણી જેવા ડાયરેક્ટર જે પણ એક્ટ્રેસને ફિલ્મ માટે સાઈન કરે છે એ સંપૂર્ણ રીતે ફિક્સ હોય છે. આવા મેકર્સ ઈન્ડસ્ટ્રીમાં ખૂબ જ ઓછા હોય છે. નેટફ્લિક્સ પર તાપસીની ફિલ્મ 'ગાંધારી' સ્ટ્રિમ થઈ ગઈ છે. સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં જ ફિલ્મ સ્ટ્રિમ થઈ ગઈ હતી. ફિલ્મના રીવ્યૂ કંઈ ખાસ નથી.

**કોઇ પણ પાત્ર માટે કોઇ પણ એક્ટર કોઇની પણ જગ્યા લઇ શકે છે**

# ઈશા નેગીની નવી પોસ્ટે મચાવી હલચલ

## વર્ષ 2019માં બન્ને એકબીજાને પસંદ કરી રહ્યા છે એ વાત જાહેર મંચ પર શૅર કરી હતી

મુંબઇ

ઈન્ડિયન ટીમના જાણીતા ક્રિકેટર રીષભ પંત સાથે જેનું નામ અવારનવાર ચર્ચામાં રહે છે તે ઈશા નેગીનો બોલ્ડ એન્ડ બ્યૂટીફૂલ અંદાજ જોવા મળ્યો છે. નવા ફોટોઝમાં તે જીમ આઉટફીટમાં જોવા મળી રહી છે. ઈશા આ ફોટો શૅર કરીને મસ્ત કેપ્શન પણ લખ્યું છે. પંત અને ઈશાના સંબંધોની જોરશોરથી ચર્ચા થતી રહે છે. વર્ષ 2019માં બન્ને એકબીજાને પસંદ કરી રહ્યા છે એ વાત જાહેર મંચ પર શૅર કરી હતી. ઈશાએ પોતાના સોશિયલ મીડિયા પર એકથી એક બેસ્ટ પોઝ આપતા ફોટો શૅર કર્યા છે. જેમાં તે જીમ લૂકમાં દેખાઈ રહી છે. આ પોસ્ટના કેપ્શનમાં તેણે લખ્યું હતું કે, જીવન સંપૂર્ણ રીતે ખીલી ગયું છે. નવી તસવીર શૅર કરી ઈશાનું નામ આવતા જ લોકો પહેલા સોશિયલ મીડિયા પર એને સર્ચ કરે છે. ઈશાનો ચાહકવર્ગ પણ ખૂબ જ મોટો રહ્યો છે. નવી તસવીરો જે સામે આવી છે એમાં રીષભને લઈને ખાસ કોઈ વાતનો તેણે ઉલ્લેખ કર્યો નથી. ઈશા સમયાંતરે પોતાની નવી નવી તસવીર શૅર કરતી રહે છે. લાઈફસ્ટાઈલ સાથે જોડાયેલી પોસ્ટને શૅર કરતી રહે છે. આ વખતે તેણે જીમવેરમાં પોતાના ફોટો ક્લિક કર્યા છે. આ ફોટોમાં તેના બોડી કટ્સ ક્લિયર દેખાઈ રહ્યા છે. એ પણ ખૂબ ફિટ એન્ડ ફાઈન દેખાઈ રહી છે. વર્ષ 2015માં ઈશા અને રીષભનું નામ પહેલીવાર ચર્ચામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર બન્નેના સંબંધોને લઈને અનેક પ્રકારની વાતો થઈ રહી હતી. વર્ષ 2019માં રિષભે ઈશા સાથેની તસવીર શૅર કરી હતી. પછી આ રિલેશનશીપને લોકો સાથે પણ શૅર કરી હતી. હવે ચર્ચા એવી છે કે, રિષભ અને ઈશા સાથે નથી. આ સિવાય પણ અલગ અલગ પ્રકારની અટકળો સેવાઈ રહી છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ પોતાની રીતે અંદાજો લગાવી રહ્યા છે.



# 200 કરોડની ખંડણીના કેસમાં પણ જેક્લિનને આરોપી બનાવવા માંગ

## જેક્લિન ફર્નાન્ડિઝની સાથે લિપાક્ષી ઇલાવાડીને પણ આરોપી બનાવવા બાબતે 15 સપ્ટે. નિર્ણય, મકોકા કોર્ટે દિલ્હી પોલીસનો પ્રતિભાવ માંગ્યો

મુંબઇ

દિલ્હીની ધ રાઉઝ એવન્યુ કોર્ટના મકોકા ન્યાયાધીશ ગગનદીપ સિંહે ૨૦૦ કરોડ રૂપિયાની ખંડણીના મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એક્ટ-મકોકા-હેઠળ નોંધવામાં આવેલાં કેસમાં હિન્દી ફિલ્મોની હિરોઇન જેક્લિન ફર્નાન્ડિઝ અને લિપાક્ષી ઇલાવાડીને આરોપી બનાવવા બાબતે દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખાનો પ્રતિભાવ માગ્યો છે. આ કેસમાં સુકેશ ચન્દ્રશેખર અને અન્યો સામે આરોપો ઘડવાની સાથે આ બંને યુવતીઓને સાક્ષીઓમાંથી આરોપી બનાવવા બાબતે કોર્ટે તેનો આદેશ અનામત રાખ્યો છે. આ કેસની સુનાવણી હવે પંદરમી સપ્ટેમ્બરે થવાની છે ત્યાં સુધીમાં દિલ્હી પોલીસને તેનો પ્રતિભાવ આપવા જણાવાયું છે. હાલ આ કેસમાં જેક્લિનનું નામ આરોપી તરીકે નથી. આ બંને યુવતીઓને આરોપી બનાવવાની માંગણી કરતી અરજી નવાસ કક્કત દ્વારા કરવામાં આવી હતી. કક્કત સામે નોંધાવવામાં આવેલાં પૂરક આરોપનામા અનુસાર સુકેશના નાણાંનો કારભાર, પેમેન્ટની બેન્ક એન્ટ્રીઓ તથા નાણાં પિન્કી ઇરાની, લીપાક્ષી ઇલાવાડી અને જેક્લિન ફર્નાન્ડિઝને ટ્રાન્સફર કરવાના કામમાં સુકેશ ચન્દ્રશેખરને કક્કત સહાય કરતો હતો. કક્કતને યુએઇથી ડિપોર્ટ કરવામાં આવ્યો હતો. અન્ય એક મની લોન્ડરિંગના કેસમાં જેક્લિન સામે ધરપકડ કર્યા વિના આરોપનામું મુકી તેને આરોપી બનાવવામાં આવેલી છે અને અદાલત દ્વારા તેને જામીન આપવામાં આવેલાં છે. આ કેસ હજી પેન્ડિંગ છે. દિલ્હીની ધ રાઉઝ એવન્યુ કોર્ટના મકોકા ન્યાયાધીશ ગગનદીપ સિંહે ૨૦૦ કરોડ રૂપિયાની ખંડણીના મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એક્ટ-મકોકા-હેઠળ નોંધવામાં આવેલાં કેસમાં હિન્દી ફિલ્મોની હિરોઇન જેક્લિન ફર્નાન્ડિઝ અને લિપાક્ષી ઇલાવાડીને આરોપી બનાવવા બાબતે દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખાનો પ્રતિભાવ માગ્યો છે.





# બિગ બોસ 20માં એન્ટ્રી પહેલાં ઈશા રિખીએ પોસ્ટ શેર કરી

## બાદશાહ સાથેની રિલેશનશીપથી લઈને સંતાનના જન્મ સુધીની વાત શૅર કર્યા બાદ અને ફરી લગ્નને લઈને ચર્ચાનું ખંડન કર્યા બાદ ઈશાને ફેન્સ સલામ કરી રહ્યા છે

મુંબઇ

પંજાબી એક્ટ્રેસ ઈશા રિખી છેલ્લા કેટલાક દિવસોથી પોતાના અંગત જીવન અને 'બિગ બોસ 20' માં એન્ટ્રીને કારણે ચર્ચામાં છે. બાદશાહ સાથેની રિલેશનશીપથી લઈને સંતાનના જન્મ સુધીની વાત શૅર કર્યા બાદ અને ફરી લગ્નને લઈને ચર્ચાનું ખંડન કર્યા બાદ ઈશાને ફેન્સ સલામ કરી રહ્યા છે. હિન્દી અને પંજાબી સિનેમામાં કામ કરી ચૂકેલી ઈશાએ રેપર બાદશાહ સાથેના પોતાના સંબંધ અને અલગ થવા અંગે પહેલીવાર જાહેરમાં વાત કરી હતી. ઈશા રિખીએ અગાઉ સોશિયલ મીડિયા પર એવા ક્રિપ્ટિક મેસેજ શેર કર્યા હતા, જેને તેમના જીવનના મુશ્કેલ સમય સાથે જોડવામાં આવ્યા હતા. તેમના કેટલાક મેસેજમાં પોતાની જિંદગીમાં પોતાની ભૂમિકા અને શાંતિ જાળવવા અંગેના અપીલ કરતી વાત સામે આવી હતી. આ પોસ્ટ્સ બાદ એવી ચર્ચા શરૂ થઈ કે શું તેમણે પ્રેમ અને અંગત સંબંધને કારણે પોતાની કરિયર પર પૂરતું ધ્યાન આપ્યું નહોતું. જોકે, સોશિયલ મીડિયા પોસ્ટ્સને આધારે તેમની અંગત પરિસ્થિતિ અંગે ચોક્કસ વાત કહેવી અયોગ્ય છે. ઈશા અને રેપર બાદશાહના સંબંધની ચર્ચા લાંબા સમયથી ચાલી રહી હતી. 2026માં તેમના લગ્નની તસવીરો સામે આવ્યા બાદ આ સંબંધને લઈને મીડિયા રસ વધ્યો હતો. ત્યારબાદ બંને અલગ થઈ ગયા હોવાની પુષ્ટિ થઈ અને ઈશાએ પોતાના અંગત જીવનને 'તમાશો' ન બનાવવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સોશિયલ મીડિયા ઉપર જ ઈશા એવી સ્પષ્ટતા કરી ચૂકી છે કે, અમારી રિલેશનશિપને લઈને ખોટો તમાશો ન બને એ માટે કેટલીક વાત પર જવાબ દેવાનું ટાળ્યું હતું. હકીકત એવી પણ છે કે, આ પછી બાદશાહે બીજા લગ્ન કરી લીધા હતા જે લગ્ન પણ માત્ર પાંચ જ મહિના ટક્યા હતા. બિગ બોસ શૉ પોતાની ઓળખને અંગત સંબંધોથી અલગ રીતે દર્શાવવાની તક પણ બની રહ્યો.

# સિનેમાઘરોમાં 'મિર્ઝાપુરઃ ધ મૂવી'નો ભૌકાલ, 5 જ દિવસમાં કમાણીનો આંકડો 125 કરોડને પાર

મુંબઇ

ઓટીટી પ્લેટફોર્મ પર સુપરહિત રહ્યા બાદ 'મિર્ઝાપુરઃ ધ મૂવી' હવે મોટા પડદે બોક્સ ઓફિસ પર પણ પોતાનો સિક્કો જમાવી રહી છે. 4 સપ્ટેમ્બરે હિન્દી અને તેલુગુ ભાષામાં રિલીઝ થયેલી ફિલ્મ 'મિર્ઝાપુરઃ ધ મૂવી'ને જોવા માટે થિયેટરોમાં દર્શકોની ભારે ભીડ જામી રહી છે. ફિલ્મનું નવું ગીત 'સાંસો કી માલા પે' પણ સોશિયલ મીડિયા અને મ્યુઝિક ચાર્ટ્સ પર ધૂમ મચાવી રહ્યું છે. આ ફિલ્મ અત્યારે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. 5મા દિવસે બોક્સ ઓફિસ પર બંપર કમાણી વીક એન્ડ બાદ પણ પંકજ ત્રિપાઠી અને અલી ફઝલની આ ફિલ્મે પોતાની મજબૂત પકડ જાળવી રાખી છે અને માત્ર 5 જ દિવસમાં ભારતભરમાં રૂપિયા 125 કરોડનો આંકડો પાર કરી લીધો છે. બોક્સ ઓફિસના આંકડા પ્રમાણે મંગળવારે એટલે કે રિલીઝના પાંચમા દિવસે પણ ફિલ્મે ડબલ ડિજિટમાં કમાણી જાળવી રાખી હતી. દેશભરમાં 10,685થી વધુ શૉઝ સાથે ફિલ્મે મંગળવારે રૂપિયા 15.35 કરોડનું નેટ કલેક્શન કર્યું. આ સાથે જ ફિલ્મની ભારતમાં કુલ નેટ કમાણી રૂપિયા 125.10 કરોડ પહોંચી ગઈ છે. અન્ય મોટી ફિલ્મો સામે મજબૂત ટક્કર 'મિર્ઝાપુરઃ ધ મૂવી' થિયેટરોમાં સાઉથ સુપરસ્ટાર યશની 'ટોક્સિક' અને 'હનુમાન અંશ' જેવી મોટી ફિલ્મો સામે પણ ટકી રહી છે અને પોતાના બજેટ કરતા ઘણી વધુ કમાણી કરી ચૂકી છે. વિદેશમાં આ ફિલ્મે રૂપિયા 27 કરોડનો વેપાર કર્યો છે. આ સાથે 'મિર્ઝાપુરઃ ધ મૂવી'નું કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન રૂપિયા 176.67 કરોડ થઈ ગયું છે. ફિલ્મના રિવ્યૂ જોતા હજી પણ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાણી યથાવત રાખશે તેવું લાગી રહ્યું છે. ગુરમીત સિંહના નિર્દેશન અને પુનીત કૃષ્ણાના લેખનમાં બનેલી આ ફિલ્મને એમેઝોન MGM સ્ટુડિયો અને એક્સેલ એન્ટરટેઇનમેન્ટ દ્વારા રજૂ કરવામાં આવી છે. ફિલ્મમાં પંકજ ત્રિપાઠી, દિવ્યેન્દુ શર્મા, અલી ફઝલ મુખ્ય ભૂમિકામાં છે.



### 41 મેડલ્સ સાથે 82 દેશની વૈશ્વિક ટેલીમાં હાંસલ કર્યું ચોથું સ્થાન

# પિકલબૉલ વર્લ્ડ કપ 2026માં ભારતે રચ્યો ઈતિહાસ

મુંબઈ

વિયેતનામના દા નાંગ ખાતે સંપન્ન થયેલા 'પિકલબૉલ વર્લ્ડ કપ 2026'માં ભારતીય ટીમે ઐતિહાસિક અને પ્રભાવશાળી દેખાવ કર્યો છે. વિશ્વભરના 82 દેશો વચ્ચે રમાયેલી આ વૈશ્વિક ચેમ્પિયનશિપમાં ભારતે કુલ 41 મેડલ્સ જીતીને ઓવરઓલ મેડલ ટેલીમાં ચોથું સ્થાન હાંસલ કર્યું છે. ગયા વર્ષે રમાયેલા વર્લ્ડ કપમાં 7મા ક્રમે રહેલા ભારતે આ વખતે 3 ક્રમની મોટી છલાંગ લગાવીને વૈશ્વિક પિકલબૉલ મંચ પર પોતાની મજબૂત છાપ છોડી છે. ભારતીય ટીમની આ અભૂતપૂર્વ સિદ્ધિ અંગે ગૌરવ વ્યક્ત કરતાં ઈન્ડિયન પિકલબૉલ એસોસિયેશન (IPA) ના પ્રેસિડેન્ટ સૂર્યવીર સિંહ ભુલ્લરે જણાવ્યું હતું કે: 'અમે દા નાંગમાં



માત્ર ભાગ લેવા માટે નહોતા ગયા; અમે ત્યાં વિશ્વના શ્રેષ્ઠ દેશોની હરોળમાં અમારું સ્થાન હાંસલ કરવા ગયા હતા. વૈશ્વિક મંચ પર આપણા ત્રિરંગાને લહેરાતો જોવો એ તો માત્ર શરૂઆત છે. ભારતીય પિકલબૉલ ભવિષ્ય પર પ્રભુત્વ જમાવવા માટે તૈયાર છે. ઈન્ડિયન પિકલબૉલ એસોસિયેશનને અમારા એથ્લેટ્સ પર ખૂબ ગર્વ છે, જેમણે જુસ્સો, શિસ્ત અને મનોબળ સાથે દેશનું પ્રતિનિધિત્વ કર્યું. તેમના પ્રદર્શને ભારતને વૈશ્વિક પિકલબૉલના નકશા પર મજબૂતીથી સ્થાપિત કરી દીધું છે. અમે દરેક ખેલાડી, કોચ અને મેનેજરના સમર્પણ બદલ તેમનો આભાર માનીએ છીએ અને અમારા સમર્થકોનો પણ આભાર માનીએ છીએ જેમણે આ સફર પર વિશ્વાસ મૂક્યો.' આ ઉપરાંત તેમણે ભારતીય પિકલબૉલ પ્રત્યેના વિશ્વાસ અને સહયોગ બદલ એથલેટિક, ઈલેક્ટ્રોરશ, HNDRD, બેનેટ યુનિવર્સિટી, હયાત રીજન્સી દિલ્હી, ઈવાન સ્પોર્ટ્સ, કોસ્મિક બિરલા ગ્રૂપ, પિકલ-બે અને લખનઉ લેપર્ડ્સનો વિશેષ આભાર માન્યો હતો. કિડ્સ ટીમનું શાનદાર સિલ્વર: આ વર્લ્ડ કપનું સૌથી મોટું આકર્ષણ વીર શાહના નેતૃત્વ હેઠળની કિડ્સ ટીમ રહી હતી, જેમણે દેશ માટે સિલ્વર મેડલ જીત્યો હતો. આ ટીમમાં વિરાંશ ચોપડા, આરીન બલ્લાની, માહિકા રાઠોડ, માનસી કાર્તિક, આશ્રિતા એસ, કવીર મહેતા અને પ્રાર્થના મોતિયાની સામેલ હતા.

## વુમન્સ એશિયા કપ સેમિફાઇનલમાં ભારત Vs બાંગ્લાદેશ

વૉશિંગ્ટન

વુમન્સ એશિયા કપ 2026ની સેમિફાઈનલની તસવીર સ્પષ્ટ થઈ ગઈ છે. મંગળવારે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં બાંગ્લાદેશે UAEને 34 રનથી હરાવીને ટોપ-4માં સ્થાન મેળવ્યું. હવે 10 સપ્ટેમ્બરે પ્રથમ સેમિફાઈનલમાં બાંગ્લાદેશનો મુકાબલો ભારત સામે થશે. મેચ દુબઈમાં રાત્રે 8 વાગ્યાથી રમાશે. પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશે 20 ઓવરમાં 7 વિકેટે 103 રન બનાવ્યા. જવાબમાં UAEની ટીમ 20 ઓવરમાં 9 વિકેટે માત્ર 69 રન જ બનાવી શકી. બાંગ્લાદેશની શરૂઆત ખરાબ રહી. ટીમે 55 રન સુધી પહોંચતા-પહોંચતા 6 વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી શર્મિન અખ્તરે 31 બોલમાં 38 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. કેપ્ટન નિગાર સુલતાનાએ 28 બોલમાં 23 રન બનાવ્યા. શર્મિને નાહિદા અખ્તર સાથે સાતમી વિકેટ માટે 42 રનની ભાગીદારી કરી. નાહિદાએ 26 બોલમાં અણનમ 16 રન બનાવ્યા. આ ભાગીદારીની મદદથી બાંગ્લાદેશ 100 રનનો આંકડો પાર કરી શક્યું અને 20 ઓવરમાં 103/7નો સ્કોર બનાવ્યો. સુરક્ષા કોટેએ 4 ઓવરમાં 11 રન આપીને 3 વિકેટ લીધી UAEની ઓફ સ્પિનર સુરક્ષા કોટેએ બાંગ્લાદેશની ઈનિંગ્સ પર દબાણ જાળવી રાખ્યું. તેણે 4 ઓવરમાં માત્ર 11 રન આપીને 3 વિકેટ લીધી. તેના સ્પેલમાં 16 ડોટ બોલ રહ્યા. સુરક્ષાએ પાવરપ્લેમાં બાંગ્લાદેશની બે વિકેટ લીધી. આ પછી તેણે કેપ્ટન નિગાર સુલતાનાને પણ આઉટ કરી. UAEની બોલિંગના કારણે બાંગ્લાદેશ મોટો સ્કોર કરી શકી નહીં. UAEએ 15 રન પર 2 વિકેટ ગુમાવી ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી UAEની શરૂઆત સારી રહી નહોતી.

### 13 સપ્ટેમ્બરથી દિલ્હીમાં શ્રેણી શરૂ થશે

## અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડના VIDEO ને કારણે 3 દેશોમાં વિવાદ

નવી દિલ્હી

ભારત-અફઘાનિસ્તાન T20 શ્રેણી પૂર્વે નકશા વિવાદ ઘેરો બન્યો છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ(ACB)ના જૂના પ્રોમો વીડિયોમાં PoKને ભારતની સરહદમાં દર્શાવતા પાકિસ્તાનમાં હોબાળો મચ્યો. પાકિસ્તાનના વિરોધ બાદ ACBએ વીડિયો હટાવી, નવા વિઝ્યુઅલ સાથે દિલ્હીના ઈન્ડિયા ગેટને કાશ્મીરના નકશા પર દર્શાવતો પ્રોમો જાહેર કર્યો. 13 સપ્ટેમ્બરથી દિલ્હીમાં શ્રેણી શરૂ થશે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાનારી T20 સીરીઝ પહેલાં જમ્મુ-કાશ્મીરના નકશાને લઈને શરૂ થયેલો વિવાદ વધુ ઘેરો બન્યો છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ(ACB) દ્વારા જાહેર કરવામાં આવેલા એક જૂના પ્રોમો વીડિયોમાં ભારતનો નકશો દર્શાવતી વખતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(PoK) અને ગિલગિટ-બાલતિસ્તાનને ભારતની સરહદ અંદર દર્શાવવામાં આવ્યા હતા. આ વીડિયો સામે આવ્યા બાદ પાકિસ્તાનમાં ભારે હોબાળો મચી ગયો હતો અને ચાહકોએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ(PCB) પાસે વિરોધ નોંધાવવાની માંગ કરી હતી. વિવાદ વધતાં ACBએ આ વીડિયો ડિલીટ કરીને નવો વીડિયો રીલીઝ કર્યો છે.

ACB દ્વારા 6 સપ્ટેમ્બરે ભારત સામેની ત્રણ મેચની T20 સીરીઝના પ્રમોશન માટે એક વીડિયો જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં બંને દેશો વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોનો ઉલ્લેખ કરાયો હતો. આ વીડિયોના અંતમાં ભારત અને અફઘાનિસ્તાનના નકશા દર્શાવાયા હતા, જેમાં એક ફ્રેમમાં PoK અને ગિલગિટ-બાલતિસ્તાન ભારતની સીમા અંદર દેખાતા હતા. પાકિસ્તાની સોશિયલ મીડિયા યુઝર્સના વિરોધ બાદ PCBએ આ મામલો પાકિસ્તાનના વિદેશ મંત્રાલય સમક્ષ પણ ઉઠાવ્યો હતો.

## વિસ્ફોટક બેટર અભિષેક શર્મા પ્રેમમાં 'ક્લિન બોલ્ડ'

### ભારતીય ક્રિકેટર અભિષેક શર્મા અને બિઝનેસવુમન લૈલા ફૈસલના અફેરની અફવાઓએ જોર પકડ્યું

નવી દિલ્હી

શેર-એ-પંજાબ T20 લીગમાં અમૃતસર સુરમાસ ટીમના કેપ્ટન અને ભારતીય ક્રિકેટર અભિષેક શર્મા પોતાના શાનદાર પ્રદર્શનની સાથે અંગત જીવનને લઈને પણ ભારે ચર્ચામાં છે. બિઝનેસવુમન લૈલા ફૈસલ સાથે તેના અફેરની અફવાઓએ ફરી જોર પકડ્યું છે. મેચ પૂરી થયા બાદ કેટલીક વાર અભિષેક તેમની સાથે સમય વિતાવતા જોવા મળ્યા છે. IPL 2025ના સમયથી જ બંનેના ડેટિંગના સમાચાર વહેતા થયા હતા. જોકે બંનેમાંથી કોઈએ પણ આ અંગે સત્તાવાર પુષ્ટિ કરી નથી. લૈલા ફૈસલનું કૌટુંબિક પૃષ્ઠભૂમિ અને અભ્યાસ ભારતીય ક્રિકેટર સાથે નામ જોડાયા બાદ



લૈલા ફૈસલ અચાનક લાઈમલાઈટમાં આવી છે. જો કે તે ગ્લેમર ક્ષેત્ર સાથે નહી પરંતુ ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા છે. લૈલા દિલ્હીની વતની છે અને જાણીતા કાશ્મીરી મુસ્લિમ પરિવારમાંથી આવે છે. તેણે પ્રારંભિક શિક્ષણ દિલ્હી પબ્લિક સ્કૂલ (DPS), આર.કે. પુરમમાંથી પૂરું કર્યું હતું અને ત્યારબાદ કિંગ્સ કોલેજ લંડનમાંથી સાયકોલોજી વિષયમાં ડિગ્રી મેળવી હતી. લૈલા ફૈસલે યુનિવર્સિટી ઓફ ધ આર્ટ્સ લંડનમાંથી ફેશન ડિઝાઈનિંગ, માર્કેટિંગ અને સ્ટાઈલિંગનો કોર્સ કર્યો હતો. લંડનમાં અભ્યાસ દરમિયાન તેઓ કોલેજની ફેશન સોસાયટીના લીડર પણ રહી હતી. ભારત પરત ફર્યા બાદ તેણે પોતાના પિતાની ફર્મ 'સાઉન્ડ ઓફ મ્યુઝિક લક્ઝરી'માં ચીફ ઓપરેટિંગ ઓફિસર (COO) તરીકે જવાબદારી સંભાળી હતી. પોતાના પિતાના બિઝનેસને આગળ ધપાવવાની સાથે લૈલા પોતાની અલગ ઓળખ ઊભી કરવા માગતી હતી. આ જ હેતુથી તેણે વર્ષ 2022માં પોતાની માતા સાથે મળીને 'લૈલા રૂહી ફેશન ડિઝાઈન્સ' નામનું હાઈ-એન્ડ લેબલ શરૂ કર્યું હતું. લૈલા ફૈસલ પોતાની સુંદરતાના કારણે સોશિયલ મીડિયા પર પણ ખૂબ લોકપ્રિય છે.

શેર-એ-પંજાબ T20 લીગમાં અમૃતસર સુરમાસ ટીમના કેપ્ટન અને ભારતીય ક્રિકેટર અભિષેક શર્મા પોતાના શાનદાર પ્રદર્શનની સાથે અંગત જીવનને લઈને પણ ભારે ચર્ચામાં છે. બિઝનેસવુમન લૈલા ફૈસલ સાથે તેના અફેરની અફવાઓએ ફરી જોર પકડ્યું છે.




### નવા નિયમો હેઠળ ઓર્ડર ક્યારે દાખલ કરી શકાય

## 30 વર્ષ બાદ પહેલીવાર એક દિવસમાં છ આઈપીઓની ધૂમ

મુંબઈ

અમદાવાદમાં શેરબજારમાં રોકાણ માટે લોકોનો ઉત્સાહ વધ્યો છે. 9 સપ્ટેમ્બર, બુધવારે 30 વર્ષ પછી પહેલીવાર એક જ દિવસમાં 6 IPO ખુલ્યા હતા, જે 14 ઓક્ટોબર 1996ની ઘટનાનું પુનરાવર્તન હતું. આ 6 IPO દ્વારા કુલ 4386 કરોડ રૂપિયા એકત્ર કરાશે. સરળ પ્રક્રિયાને કારણે સામાન્ય લોકો પણ હવે IPOમાં રોકાણ કરી રહ્યા છે. જ્યારથી આઈપીઓ(ઈનિશ્યલ પબ્લીક ઓફરીંગ))માં રોકેલા નાણા શેર લાગે ત્યારેજ ખાતામાંથી કપાતા થયા છે ત્યારથી તેમાં રોકાણ કરનારાની સંખ્યા વધી છે. એમ તો, આઈપીઓની સિઝન હોય




એમ લાગી રહ્યું છે પરંતુ ૯મી સપ્ટેમ્બરેના બુધવારે એકજ દિવસમાં છ આઈપીઓ બહાર પડયા હતા. છેલ્લા ૩૦ વર્ષમાં પહેલીવાર એક દિવસમાં છ આઈપીઓ બહાર પડયા છે. છેલ્લે ૩૦ વર્ષ પહેલાં એટલેકે ૧૪ ઓક્ટોબર ૧૯૯૬ના રોજ એક સાથે છ આઈપીઓ બહાર પડયા હતા. એક સાથે પાંચથી વધુ આઈપીઓ બહાર પડવાની ઘટના નવી નથી. ૨૮ ઓક્ટોબર ૧૯૯૬ના રોજ એક સાથે સાત આઈપીઓ બહાર પડયા હતા. ૧૯૯૫ અને ૧૯૯૬નું વર્ષ તો આઈપીઓ માટે બહુ સારૂ ગણાતું હતું. ત્યારે અનેક વાર એક દિવસમાં દશ આઈપીઓ બહાર પડયા હતા.

૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ખુલેલા છ આઈપીઓમાં રેન્ટોમોજો,એસેટ રીકન્સટ્રકશન ઈન્ડિયા,મનીપાલ પેમેન્ટ,, સ્ટીમ હાઉસ ઈન્ડિયા, એલઆઈસી પ્રોજેક્ટ અને કર્મતાર એન્જીન્યરીંગનો સમાવેશ થાય છે. આ છ આઈપીઓ સંયુક્ત ૪૩૮૬ કરોડ રૂપિયા ઉભા કરશે.

### સંપત્તિના ઓછામાં ઓછા 65% નાણાં ઈક્વિટીમાં રોકાયેલા હોય છે

## ફ્લેક્સી કેપ ફંડ્સ: રોકાણમાં ફ્લેક્સિબિલિટી અને સંતુલન રાખવાનો સૌથી ઉત્તમ વિકલ્પ

**રોકાણકારો માટે ફ્લેક્સી કેપ ફંડ્સ સારો વિકલ્પ છે. આ ફંડ લાર્જ, મિડ અને સ્મોલ કેપ કંપનીઓમાં રોકાણ કરી શકે છે, જેથી બજારની સ્થિતિ મુજબ પ્રોફેશનલ ફંડ મેનેજર યોગ્ય ફાળવણી કરી શકે.**

નવી દિલ્હી

ઈક્વિટીમાં રોકાણ કરતી વખતે અવારનવાર એક સવાલ થાય છે કે, લાર્જ, મિડ કે સ્મોલ કેપમાંથી કયો વિકલ્પ પસંદ કરવો? દરેક ક્ષેત્ર અલગ-અલગ તકો પૂરી પાડે છે અને બજારના ઉતાર-ચઢાવ સાથે તેનો જવાબ બદલાઈ શકે છે. ફ્લેક્સી કેપ ફંડ્સ આ ત્રણેય ક્ષેત્રોમાં રોકાણ કરીને આ સમસ્યાનો ઉકેલ આપે છે. તે પ્રોફેશનલ ફંડ મેનેજરને બજારની સ્થિતિ અને તકોના આધારે યોગ્ય ફાળવણી નક્કી કરવાની ફ્લેક્સિબિલિટી (લવચીકતા) આપે છે. જે રોકાણકારો જાતે ફાળવણીના નિર્ણયો લીધા વિના લાંબા ગાળાનું ઈક્વિટી એક્સપોઝર મેળવવા માગે છે, તેમના માટે આ અભિગમ સમજી લેવો યોગ્ય છે. આ વાત એક ઉદાહરણથી સમજીએ. એક ફૂટબોલ ટીમ વિશે વિચારો. તમારે એવા



ખેલાડીઓની જરૂર છે, જે મેદાનમાં તેમની જગ્યા પર મજબૂત રહી શકે, રમતની ગતિ જાળવી શકે અને તક મળતાં જ ઝડપથી આગળ વધી શકે. પરંતુ રમત જેમ જેમ આગળ વધે તેમ વ્યૂહરચના બદલવાની સ્વતંત્રતા ટીમ મેનેજર પાસે હોવી જરૂરી છે. વિવિધ કંપનીઓમાં રોકાણને પણ આ જ વાત લાગુ પડે છે. ફ્લેક્સી કેપ ફંડ શું છે? ફ્લેક્સી કેપ ફંડ એ એવું ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ છે જે લાર્જ-કેપ, મિડ-કેપ અને સ્મોલ-કેપ કંપનીઓમાં રોકાણ કરી શકે છે. સેબી (SEBI)ના નિયમો અનુસાર, તેની કુલ સંપત્તિના ઓછામાં ઓછા 65% નાણાં ઈક્વિટી અને ઈક્વિટી-સંબંધિત સાધનોમાં રોકાયેલા હોવા જોઈએ.


સરળ શબ્દોમાં કહીએ તો, ફંડના દર 100માંથી ઓછામાં ઓછા 65 કંપનીના શેર અથવા તેને લગતા સાધનોમાં રોકવામાં આવે છે. શું કોઈ ફૂટબોલ મેનેજર રમત ગમે તે દિશામાં જાય તો પણ એક જ પ્રકારની વ્યૂહરચના રાખે? ના, તો એવી જ રીતે ફ્લેક્સી કેપ ફંડ મેનેજરે પણ આ ત્રણેય ક્ષેત્રોમાં નક્કી કરેલું રોકાણ જાળવી રાખવું જરૂરી નથી. બજારની સ્થિતિ, વેલ્યુએશન અને ઉપલબ્ધ તકોના આધારે મેનેજર ક્યાં અને કેટલું રોકાણ કરવું તે નક્કી કરી શકે છે.

### રિઝર્વ બેન્કે મૂળ રકમ પર ફોરેક્સ જોખમ સામે રક્ષણ આપ્યું

## FCNR સ્કીમ હેઠળના 127 અબજ ડોલર પર વ્યાજ પેટેનું ફોરેક્સ જોખમ અનહેજ

મુંબઈ

ડોલર સામે રૂપિયાને વધુ ગબડતો અટકાવવા તથા ક્રુડ તેલના ઊંચા ભાવ વચ્ચે બેલેન્સ ઓફ પેમેન્ટસની સ્થિતિ જાળવવા ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (એફસીએનઆર) બેન્ક ડીપોઝિટ સ્કીમ મારફત દેશની બેન્કિંગ વ્યવસ્થામાં ૧૨૭ અબજ ડોલર ઊભા કરી લેવાયા છે પરંતુ આ ડીપોઝિટ પર ચૂકવવાના થતા વ્યાજની રકમને મોટાભાગની બેન્કોએ હેજ કરી નહીં હોવાનું જાણવા મળી રહ્યું છે. વ્યાજની ચૂકવણી માટે ડોલરની માગમાં વધારો થઈ શકે છે જેને પરિણામે રૂપિયા પર વધુ દબાણ આવી શકે છે એમ એક બેન્કરે જણાવ્યું હતું. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સ્પેશિયલ સ્વાપ ફેસિલિટી




હેઠળ રિઝર્વ બેન્કે ડોલરના સ્વરૂપમાં થાપણ મેળવનારી બેન્કોને થાપણની મૂળ રકમ પર ફોરેકસના જોખમ સામે રક્ષણ પૂરુ પાડયું છે પરંતુ વ્યાજની ચૂકવણીની વ્યવસ્થા બેન્કોએ પોતાની રીતે કરવાની રહેશે એમ અન્ય એક બેન્કરે દાવો કર્યો હતો. વિદેશની બેન્કોએ આવા જોખમ હેજ કરે છે પરંતુ મોટાભાગની સરકારી તથા ખાનગી બેન્કોએ હેજિંગ કર્યું નથી.

ડોલરના વિનિમય દરમાં વધારાથી બેન્કોએ સહન કરવાનું આવી શકે છે. ડોલર સામે રૂપિયામાં સ્થિરતા રાખવા રિઝર્વ બેન્કની દરમિયાનગીરી તથા હેજિંગના ઊંચા ખર્ચને ધ્યાનમાં રાખી હેજિંગ કરવાનું ટાળ્યું હોવાનું વધુ એક બેન્કરે જણાવ્યું હતું. વ્યાજની ચૂકવણી માટે આવશ્યક ડોલરની ખરીદી સ્પોટમાં કરવાની મોટાભાગની બેન્કો યોજના ધરાવે છે. ૩થી ૫ વર્ષની મુદતની ડીપોઝિટ પર વ્યાજની ચૂકવણી પર ફોરેક્સ જોખમના હેજિંગ સામે વર્ષે ૩ ટકા જેટલો ખર્ચ આવી શકે છે. આ થાપણો પર વ્યાજની ચૂકવણી પાકતી મુદતે કરવાની રહેશે નહીં કે સમયાંતરે એમ રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.

## સેન્સેક્સ 813 અંક ઘટીને 74,764 પર બંધ

- **નિફ્ટી પણ 204 અંક નીચે આવ્યો, બેન્કિંગ અને IT શેર્સમાં વધુ ઘટાડો રહ્યો**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 9 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 813 પોઈન્ટના ઘટાડા સાથે 74,764 પર બંધ થયો. નિફ્ટી પણ 204 પોઈન્ટ નીચે આવી ગયો, તે 23,432 પર બંધ થયો. બેન્કિંગ, રિયલ્ટી અને IT શેરોમાં આજે વધુ ઘટાડો જોવા મળ્યો.



આજથી 6 IPOમાં બોલી લગાવવાની તક. કરમતારા એન્જિનિયરિંગ, એલસીસી પ્રોજેક્ટ્સ, સ્ટીમહાઉસ ઈન્ડિયા, મણિપાલ પેમેન્ટ એન્ડ આઈડેન્ટિટી સોલ્યુશન્સ, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની અને રેન્ટોમોજોના IPO ઓપન થઈ ગયા છે.

આમાં 11 સપ્ટેમ્બર સુધી બોલી લગાવી શકાશે. આ પહેલાં ગઈકાલે એટલે કે 8 સપ્ટેમ્બરે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 555 અંક ઘટીને 75,578 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 144 અંક ઘટ્યો, તે 23,635 પર આવી ગયો.

## ઓછા વેતન સામે બહેનોનો ઉપવાસ

# અમદાવાદમાં આંગણવાડી-આશા વર્કર્સનું ધરણાં, વેતન વધારાની માંગ



**હાઈકોર્ટના આદેશનો અમલ, લઘુતમ વેતન અને કાયમી પ્રશ્નોના ઉકેલ માટે રાજ્યભરની બહેનો એકજૂટ**

અમદાવાદ

અમદાવાદના સરદાર ગાર્ડન ખાતે રાજ્યભરની આંગણવાડી અને આશા વર્કર બહેનોએ 2 દિવસીય ઉપવાસ-ધરણાં શરૂ કર્યા છે. વધતી મોંઘવારી અને કામના ભારણ સામે, ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન તથા આશા યુનિયનના નેતૃત્વ હેઠળ બહેનોએ સરકાર સામે મોરચો માંડ્યો. હાઈકોર્ટના વેતન વધારાના આદેશનો અમલ કરવા અને સુપ્રીમ કોર્ટમાંથી અપીલ પરત ખેંચવાની તેમની મુખ્ય માંગ છે. માંગણીઓ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ છે.

વધતી જતી મોંઘવારી અને કામના સતત વધતા ભારણ સામે અમદાવાદના સરદાર ગાર્ડન ખાતે રાજ્યભરની આંગણવાડી અને આશા વર્કર બહેનોએ બે દિવસીય ઉપવાસ અને ધરણાં આંદોલન શરૂ કર્યું છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન તેમજ ગુજરાત આશા એન્ડ હેલ્થ વર્કર યુનિયનના નેતૃત્વ હેઠળ એકત્ર થયેલી બહેનોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. આંગણવાડી વર્કરને માસિક માત્ર 10,000 રૂપિયા, હેલ્પરને 5,500 રૂપિયા અને આશા વર્કરને માંડ 4,500 રૂપિયા માનદ વેતન આપવામાં આવતું હોવાથી બહેનોમાં ભારે આક્રોશ વ્યાપેલો છે. આંદોલન કરી રહેલી મહિલાઓનો મુખ્ય આક્ષેપ છે કે ગુજરાત હાઈકોર્ટે ઑગસ્ટ 2025માં આંગણવાડી વર્કર અને હેલ્પરના વેતન વધારીને અનુક્રમે 24,800 રૂપિયા અને 20,300 રૂપિયા કરવા ચુકાદો આપ્યો હતો. જોકે, રાજ્ય સરકારે હાઈકોર્ટના આદેશનો અમલ કરવાને બદલે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી છે. આથી, પ્રદર્શનકારીઓએ માગ કરી છે કે સરકાર સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અપીલ તાત્કાલિક પાછી ખેંચે, હાઈકોર્ટના ચુકાદાનો સત્વરે અમલ કરે અને વચગાળાની રાહત રૂપે રાજ્યનું લઘુતમ વેતન ચૂકવે. આ ઉપરાંત નિવૃત્તિ વયમર્યાદા સહિતના પડતર પ્રશ્નોનો પણ કાયમી ઉકેલ લાવવાની માગણી કરાઈ છે. આંગણવાડી અને આશા વર્કર બહેનો સરકારની તમામ પાયાની કામગીરી નિભાવે છે. જેમાં બાળકોની સંભાળથી માંડીને ચૂંટણી સમયે BLOની કામગીરી, વસ્તી ગણતરી અને સરકારી મેળાઓની જવાબદારીઓ શામેલ છે. ICDS સેવાઓને 50 વર્ષ પૂર્ણ થયા હોવા છતાં અને સરકારી કર્મચારીઓ સમકક્ષ કામગીરી કરાવવામાં આવતી હોવા છતાં તેમને માત્ર માનદ વેતનદાર ગણવામાં આવે છે.

## અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચનો મોટો ધડાકો

# લાંભા મંદિર ત્રણ રસ્તા પાસેથી દેશી પિસ્તોલ અને કારતૂસ સાથે અસામાજિક તત્વ ઝડપાયું!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં અસામાજિક તત્વો અને ગેરકાયદેસર હથિયારોની હેરફેર કરનારાઓ સામે ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. શહેરમાં કોઈ મોટી વારદાતને અંજામ આપે તે પહેલાં જ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સપાટો બોલાવીને એક યુવકને જીવતા કારતૂસ અને પિસ્તોલ સાથે દબોચી લીધો છે. મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે લાંભા મંદિર ત્રણ રસ્તા પાસેથી એક શંકાસ્પદ યુવક ગેરકાયદેસર ઘાતક હથિયાર સાથે પસાર થઈ રહ્યો છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તાત્કાલિક વોચ ગોઠવીને ઘેરાબંધી કરી હતી. શંકાસ્પદ હાલતમાં ફરતા યુવકની તલાશી લેતા જ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. યુવકના કબજામાંથી એક દેશી પિસ્તોલ (તમંચો) અને એક જીવતો કારતૂસ મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી જ જુહાપુરા વિસ્તારમાં રહેતા અલફૈઝાન મકવાણા નામના યુવકની ધરપકડ કરી લીધી છે. ક્રાઈમ બ્રાન્ચે એક પિસ્તોલ અને કારતૂસ સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ



હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલ તો ક્રાઈમ બ્રાન્ચે અલફૈઝાનની કડક પૂછપરછ શરૂ કરી દીધી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ ચલાવી રહી છે કે: આ હથિયાર ક્યાંથી અને કોની પાસેથી ખરીદવામાં આવ્યું હતું? અમદાવાદ શહેરમાં આ પિસ્તોલ લાવવા પાછળનો મુખ્ય હેતુ શું હતો? શું અલફૈઝાન કોઈ ગંભીર ગુનાહિત વારદાતને અંજામ આપવાની ફિરાકમાં હતો કે પછી માત્ર રોફ જમાવવા માટે હથિયાર રાખતો હતો? અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની આ સમયસૂચકતા અને ઝડપી કામગીરીથી શહેરના એક મોટા વિસ્તારમાં થનારી કોઈ અનિચ્છનીય ઘટના ટળી ગઈ હોવાનું મનાઈ રહ્યું છે.

# અમદાવાદમાં બેકરી સંચાલકોની મનમાની પર AMCનો આકરો પ્રહાર

**હવે મેંદો અને ખાંડ કેટલી વાપરી તે કાગળ પર છાપવું ફરજિયાત! ત્રણ બેકરીઓ સીલ થયા બાદ મનપા તંત્ર લાલઘૂમ: પેકેટો પર મેંદો, ખાંડ, એલર્જન, FSSAI નંબર અને ન્યુટ્રીશન લેબલ વગર વેચાણ કર્યું તો ખેર નથી, ખાખરા-સ્નેક્સ ઉત્પાદકો પણ AMC ના રડારમાં!**

અમદાવાદ

અમદાવાદ શહેરના નાગરિકોના આરોગ્ય સાથે ખિલવાડ કરતા બેકરી માલિકો અને ખાદ્યપદાર્થોના વેપારીઓ સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના હેલ્થ એન્ડ ફૂડ વિભાગે અત્યાર સુધીનું સૌથી આકરું અને મોટું કદમ ઉઠાવ્યું છે. શહેરમાં બ્રેડ, બિસ્કિટ, કેક, ટોસ્ટ અને વિવિધ બેકરી પ્રોડક્ટ્સ બનાવતા અને વેચતા તમામ સંચાલકો માટે હવેથી દરેક પેક્ડ પ્રોડક્ટ પર તેમાં વપરાયેલી સામગ્રીનું વિગતવાર લેબલિંગ (Detailed Labelling) પ્રિન્ટ કરવું કાયદાકીય રીતે ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે.



AMC ની નવી માર્ગદર્શિકા મુજબ, હવેથી દરેક પેકેજ્ડ બેકરી આઈટમ પર ગ્રાહકો જોઈ શકે તે રીતે નીચે મુજબની માહિતી સ્પષ્ટ અક્ષરોમાં લખવી પડશે.

પ્રોડક્ટમાં કેટલા ટકા મેંદો અને કેટલી ખાંડ વાપરવામાં આવી છે તેની ચોક્કસ માહિતી. પદાર્થથી થતી એલર્જી (Allergens) અને ન્યુટ્રીશનલ વેલ્યુ (Nutritional Values). તંત્ર દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા આકસ્મિક તપાસ ઝુંબેશ દરમિયાન અત્યંત ગંદકી અને ખાદ્ય સુરક્ષાના નિયમોના સરેઆમ ભંગ બદલ શહેરની ૩ જાણીતી બેકરીઓને તાત્કાલિક અસરથી સીલ મારી દેવામાં આવ્યું હતું. બેકરીઓમાં બનતી ચીજવસ્તુઓમાં વપરાતા હલકી ગુણવત્તાના રો-મટીરિયલ અને અસ્વચ્છતા જોઈને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા, જેના પરિણામે આ આકરો નિર્ણય લેવામાં આવ્યો છે.

# કાલુપુર રેલવે સ્ટેશન પર ચામાં નશાકારક પદાર્થ ભેળવી મહારાષ્ટ્રના વેપારી સાથે ઠગાઇ, સોનાની ચેઇન અને બેંક ટ્રાન્સફર મારફતે લૂંટ

અમદાવાદ

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશને ચામાં નશાકારક પદાર્થ ભેળવી મહારાષ્ટ્રના ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરને લૂંટી લેવાયા. 7 સપ્ટેમ્બરે સવારે 8.45 વાગ્યે, બે અજાણ્યા શખસોએ મિત્રતા કેળવી ચા પીવડાવી બેભાન કર્યા. ત્યારબાદ, સોનાની ચેઈન અને બેંક ટ્રાન્સફર દ્વારા 77,086ની ઠગાઈ આચરી હતી. આ મામલે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

કાલુપુર રેલવે સ્ટેશન પર મહારાષ્ટ્રના ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરને એક અજાણ્યા યુવકે પગાર ન મળ્યાની ખોટી વિતકકથા સંભળાવી મિત્રતા કેળવી હતી. આ દરમિયાન યુવકે કોન્ટ્રાક્ટરને ચા અપાવવાનું કહ્યું હતું. જો કે, ચા પીધા બાદ કોન્ટ્રાક્ટર અચાનક બેભાન જેવી સ્થિતિમાં આવી ગયા હતા. તેવામાં યુવક સહિતના બે અજાણ્યા શખસોએ કોન્ટ્રાક્ટરની સોનાની ચેઈન અને બેંક ટ્રાન્સફર મારફતે લૂંટ કરી ઠગાઈ આચરી હોવાની ફરિયાદ કાલુપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

આ ઘટના 7 સપ્ટેમ્બરે સવારે 8.45 વાગ્યે ઘટી હતી, જ્યારે ઈલેક્ટ્રિકલ ફિટિંગના કામ અર્થે અમદાવાદ આવેલા ફરિયાદી જયપ્રકાશ શિવમણિ જટ, પોતાના કારીગર ક્રિશ્નાકાંત કમલેશ યાદવ સાથે મહારાષ્ટ્ર જતી ટ્રેન પકડવા માટે રેલવે સ્ટેશન પર રાહ જોઈ રહ્યા હતા.

રેલવે સ્ટેશનના સીડીઓ પાસે આશરે 25 વર્ષની વયના યુવકે ફરિયાદી પાસે આવીને પોતાનું નામ રાજેશ યાદવ જણાવ્યું હતું. રાજેશે ફરિયાદીને જણાવ્યું હતું કે તેના શેઠે તેને માર માર્યો છે અને તેનો પગાર પણ અટકાવી રાખ્યો છે.

## મનપસંદ જીમખાનાના મુખ્ય સૂત્રધાર

# ગોવિંદ પટેલ ઉર્ફે ગામા સહિત 6 અસામાજિક તત્વો પાસા હેઠળ જેલમાં ધકેલવામાં આવ્યા

**જુગારધામ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવનારાઓ સામે પોલીસ કમિશનરનું લાલ આંખ, અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ**

અમદાવાદ

અમદાવાદ શહેરમાં અસામાજિક પ્રવૃત્તિઓ અને ગેરકાયદેસર જુગારધામ ચલાવતા માફિયાઓ સામે અમદાવાદ શહેર પોલીસે મોટો પ્રહાર કર્યો છે. મોજશોખ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું અડ્ડો બની ગયેલા ચર્ચિત મનપસંદ જીમખાના કેસમાં પોલીસે કડક કાર્યવાહી કરતા મુખ્ય સૂત્રધાર ગોવિંદ પટેલ ઉર્ફે ગામા સહિત કુલ ૬ આરોપીઓ સામે પાસા (PASA - Prevention of Anti-Social Activities Act) હેઠળ કાર્યવાહી કરીને અલગ-અલગ જેલમાં ધકેલી દીધા છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરમાં શાંતિ અને સુરક્ષા જાળવવા માટે અસામાજિક તત્વો સામે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. મનપસંદ જીમખાના ખાતે ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, જુગારધામ અને અસામાજિક કારનામાઓ સામે નોંધાયેલા




ગુનાઓને ધ્યાને રાખીને આ તમામ આરોપીઓ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. મંજૂરી મળતા જ પોલીસે તમામ ૬ આરોપીઓની અટકાયત કરીને રાજ્યની ભુજ, રાજકોટ, વડોદરા અને સુરત જેવી અલગ-અલગ મધ્યસ્થ જેલોમાં મોકલી આપ્યા છે. ગોવિંદ પટેલ ઉર્ફે ગામા: મનપસંદ જીમખાનાનો મુખ્ય સંચાલક અને સમગ્ર ગેરકાયદેસર નેટવર્કનો મુખ્ય સૂત્રધાર. ગામા સાથે સંકળાયેલા અને જીમખાનામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં મદદગારી કરતા અન્ય ૫ સાગરીતો/ભાગીદારો. મનપસંદ જીમખાનામાં આ અગાઉ પણ પોલીસ દરોડા દરમિયાન કરોડો રૂપિયાનો હિસાબ, જુગારનું સાહિત્ય અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ઝડપાઈ ચૂકી છે. તેમ છતાં કાયદાને ખિસ્સામાં લઈને ફરતા આ તત્વો સામે આખરે પોલીસે પાસાનું હથિયાર ઉગામીને કાયમી પાઠ ભણાવ્યો છે.

## SP રીંગરોડ પર પોલીસના દરોડામાં 857 બોરી ખાતર જપ્ત

# વટવા GIDCમાંથી સબસિડીવાળું યુરિયા ખાતર ઝડપાયું

અમદાવાદ

અમદાવાદના વટવા GIDC વિસ્તારમાં આવેલ શ્રદ્ધા એસ્ટેટના મણીધર પ્લાસ્ટો નામના ગોડાઉનમાં પોલીસે દરોડો પાડીને ખેડૂતો માટેનું સરકારી સબસિડીવાળું નીમ કોટેડ યુરિયા ખાતર ઝડપી પાડ્યું છે. બાતમીના આધારે વટવા GIDC પોલીસે ખેતીવાડી અધિકારીને સાથે રાખીને તપાસ હાથ ધરી હતી. ગોડાઉનમાંથી યુરિયા ખાતરની 857 બોરીઓ મળી આવી હતી. ખાતરના સેમ્પલ ગાંધીનગર લેબોરેટરીમાં મોકલવામાં આવતાં તે ખેતી વપરાશનું સરકારી ખાતર હોવાનું પુરવાર થયું હતું. જે બાદ પોલીસે ગોડાઉનના ભાગીદારો અને ખાતર સપ્લાય કરનાર સામે ગુનો નોંધ્યો છે.




પોલીસને એસપી રિંગ રોડ પર પંચરત્ન એસ્ટેટ પાસેના ગોડાઉનમાં કાયદા વિરુદ્ધ યુરિયા ખાતરનો સંગ્રહ કરાયો હોવાની માહિતી મળી હતી. પોલીસે ખેતીવાડી અધિકારીની હાજરીમાં તપાસ કરતાં જથ્થો મળી આવ્યો હતો. અધિકારીઓએ સ્થળ પરથી ખાતરના સેમ્પલ લઈને ચકાસણી અર્થે ગાંધીનગરની લેબોરેટરીમાં મોકલ્યા હતા.

ગોડાઉનમાં હાજર અર્જુનસિંહ સિસોદિયાની પૂછપરછ કરતાં આ ખાતર રાયમલ ભરવાડ પાસેથી લાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસને સ્થળ પરથી 857 ભરેલી બોરીઓ ઉપરાંત 700થી વધુ ખાલી થેલીઓ પણ મળી આવી હતી. ખેડૂતોને આધાર પુરાવા અને ફિંગરપ્રિન્ટ લીધા બાદ જ અપાતું આ ખાતર બિનઅધિકૃત રીતે રખાયું હોવાનું સ્પષ્ટ થયું હતું.

સરકારી સબસિડીવાળા ખાતરનો ગેરકાયદે સંગ્રહ કરવા બદલ પોલીસે મણીધર પ્લાસ્ટોના ભાગીદારો અને ખાતર આપનાર રાયમલ ભરવાડ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ મામલે વટવા GIDC પોલીસે આગળની કાનૂની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ LCB ઝોન-2 નો મોટો ધડાકો

# રાણીપ RTO સર્કલ પાસેથી લક્ઝરી ટ્રાવેલ્સ અને કારમાંથી રૂા. 13.25 લાખનો વિદેશી દારૂ ઝડપાયો!

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો દ્વારા અપનાવવામાં આવતી અવનવી કીમિયાબાજી પર અમદાવાદ શહેર LCB ઝોન-2ની ટીમે કાળ સમાન પ્રહાર કર્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા રાણીપ RTO સર્કલ પાસેથી પસાર થતી લક્ઝરી ટ્રાવેલ્સ બસ અને ચાર પૈડાંવાળી કારમાંથી વિદેશી દારૂની કુલ 568 બોટલો ઝડપી પાડીને દારૂની મોટી હેરાફેરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. એલસીબી ઝોન-2 પોલીસે વાહનો અને દારૂના જથ્થા સહિત કુલ રૂ. 13,25,544 નો મુદ્દામાલ જપ્ત કરીને પ્રોહિબિશન



એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેર LCB ઝોન-2 ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન રાણીપ RTO સર્કલ નજીકથી લક્ઝરી ટ્રાવેલ્સ અને ફોર-વ્હીલર ગાડી મારફતે વિદેશી દારૂનો મોટો જથ્થો પસાર થવાનો હોવાની સચોટ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક રાણીપ RTO સર્કલ પાસે નાકાબંધી ગોઠવીને શંકાસ્પદ વાહનોને આંતરીને તલાશી લીધી હતી. પોલીસ ટીમે જ્યારે લક્ઝરી બસ અને ફોર-વ્હીલર કારની બારીકાઈથી તપાસ કરી ત્યારે તેમાંથી વિદેશી દારૂની નાની-મોટી કુલ 568 બોટલો મળી આવી હતી. પોલીસને ચકમો આપવા માટે વાહનોમાં ખાસ ખાનાઓ તૈયાર કરવામાં આવ્યા હતા, પરંતુ LCB ઝોન-2 ની તીક્ષ્ણ નજરથી બુટલેગરો બચી શક્યા નહોતા.

પોલીસે ઘટનાસ્થળેથી જ દારૂનો જથ્થો, હેરાફેરીમાં વપરાયેલી લક્ઝરી ટ્રાવેલ્સ બસ, ફોર-વ્હીલર ગાડી તથા અન્ય સાધનો મળીને કુલ રૂ. 13,25,544 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ સાથે જ દારૂની હેરાફેરી કરનાર આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેમની અટકાયત કરવામાં આવી છે. આ વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને અમદાવાદ શહેરમાં કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં LCB ઝોન-2 ની ટીમે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI